dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue-214 | AD - 2026, Vaishakh Vad - 09 | Monday, Dt. 11-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૧-૦૫-૨૦૨૬


## સ્થાનિક પોલીસ ઉંઘતી રહીને રૂ.૩૩.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત, ૪ શખસોની ધરપકડ

# જાફરાબાદ જેટી પર SMCના દરોડામાં ૬,૮૫૯ બોટલ દારૂ જપ્ત

**ફિશિંગ બોટ અને નંબર પ્લેટ વગરના ટ્રેક્ટર-રિક્ષાઓ દ્વારા હેરાફેરી કરવામાં આવતી હતી**

જાફરાબાદ,તા.૧૦

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે અમરેલી જિલ્લા પોલીસને ઉંઘતી રાખી અમરેલી જિલ્લાના જાફરાબાદ જેટી વિસ્તારમાં 'પ્રોહિબિશન કટિંગ' પર ત્રાટકીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પી.આઈ. આર. કે. કરમટા અને તેમની ટીમ દ્વારા હાથ ધરાયેલા આ દરોડામાં કુલ ૬,૮૫૯ બોટલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ (IMFL) મળી આવ્યો છે, જેની કિંમત રૂ.૨૨.૭૫ લાખથી વધુ થાય છે. દારૂનો આ જથ્થો દમણ અને મહારાષ્ટ્રની વિવિધ ડિસ્ટિલરીઝમાં બનાવવામાં આવ્યો હોવાનું ખુલ્યું છે.વન વિભાગ અને પોલીસની સંયુક્ત તકેદારી વચ્ચે SMCએ સ્થળ પરથી દારૂ ઉપરાંત ૬ વાહનો (રૂ.૧૦ લાખ), ૭ મોબાઈલ



ફોન (રૂ.૧ લાખ), રોકડ અને અન્ય સાધનો મળી કુલ રૂ.૩૩,૮૯,૩૮૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં પોલીસે સ્થળ પરથી ૪ આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં દારૂનો જથ્થો સ્વીકારનાર પ્રકાશ બાબુભાઈ શિયાળ, બોટલ લાવનાર ડ્રાઈવર રમેશ મેર અને મજૂરી કામ કરતા કાલુલાલ રાવત તથા વિજય બારૈયાનો સમાવેશ થાય છે.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ દારૂનો જથ્થો રામભાઈ બારૈયાએ મંગાવ્યો હતો. આ ગુનામાં દમણથી દારૂ મોકલનાર અજાણ્યા શખસ, બોટલ માલિક ઈસ્માઈલ પટેલિયા અને દારૂ ઉતારવામાં મદદ કરનાર અન્ય શખસો સહિત કુલ ૧૧ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. મરીન પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. 'તમન્ના' નામની ફિશિંગ બોટ અને નંબર પ્લેટ વગરના ટ્રેક્ટર-રિક્ષાઓ દ્વારા આ હેરાફેરી કરવામાં આવી રહી હતી.

## ધાંડલા ગામે BAPS સ્વામિનારાયણ મંદિરનું ભવ્ય ભૂમિપૂજન સંપન્ન

**સત્સંગ સભા અને મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું**

સાવરકુંડલા,તા.૧૦

ભગવાન સ્વામિનારાયણના ચરણરજથી પવિત્ર થયેલી ધાંડલાની ભૂમિ પર BAPS સંસ્થા દ્વારા નિર્મિત થનારા ભવ્ય નૂતન મંદિરનો ભૂમિ પૂજન સમારોહ ૯ મે, ૨૦૨૬ના રોજ ભક્તિભાવ પૂર્વક સંપન્ન થયો. મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આયોજિત આ મહોત્સવમાં દિનબંધુ સ્વામી, વિનમ્રમુની સ્વામી, યોગીપુરુષ સ્વામી અને નારાયણસેવક સ્વામી જેવા સંતોએ સાનિધ્ય આપી ભક્તોને આશીર્વચન પાઠવ્યા હતા. ઘાંડલા ST બસ સ્ટેન્ડ પાસે સાંજે શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિ પૂજન અને મહાપૂજા સંપન્ન થઈ હતી, ત્યારબાદ સત્સંગ સભા અને મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવ્ય પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તો અને ગ્રામજનો ઉમટી પડ્યા હતા.

## બાબરાની રામપરી નાની સિંચાઈ યોજનાના રીસ્ટોરેશનો ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે થયો પ્રારંભ

**રૂ. ૫૪.૩૭ લાખના ખર્ચે થનારી કામગીરીથી ખેડૂતોને સિંચાઇમાં મળશે મોટી રાહત**

બાબરા,તા.૧૦

બાબરા તાલુકાના ખેડૂતો માટે ખુશીના સમાચાર છે. રામપરી નાની સિંચાઈ યોજનાના પુનઃસ્થાપન (રીસ્ટોરેશન) કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા વિધિવત રીતે



કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે રૂ. ૫૪.૩૭ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે.આ યોજનાનો મુખ્ય હેતુ પાણીની સંગ્રહ ક્ષમતામાં વધારો કરી ખેડૂતોને સિંચાઈ માટે ઉત્તમ સુવિધા પૂરી પાડવાનો છે. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ખેડૂતોનું હિત સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ યોજના પૂર્ણ થવાથી આજુબાજુના વિસ્તારમાં સિંચાઈ માટે પૂરતું પાણી મળશે, જેનાથી કૃષિ ઉત્પાદન વધશે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બનશે. આ ઉપરાંત, જળ સંચયથી ભૂગર્ભ જળસ્તર સુધારવામાં પણ મોટી મદદ મળશે.

## જાફરાબાદના વઢેરા ખારીયા ધામ ખાતે વિશ્વકર્મા મહાપુરાણ કથાનો ભવ્ય પ્રારંભ



જાફરાબાદ,તા.૧૦

જાફરાબાદ તાલુકાના વઢેરા ગામે આવેલ ખારીયાધામ ખોડીયાર માતાજીના મંદિર ખાતે 'વિશ્વકર્મા મહાપુરાણ કથા'નો ભવ્ય પ્રારંભ થયો છે. કથાના પ્રથમ દિવસે રામજી મંદિરથી ગામના મુખ્ય બજારમાં ભક્તિભાવ સાથે પોથીયાત્રા કાઢવામાં આવી હતી. શાસ્ત્રી જયંતીલાલ શાસ્ત્રી વક્તા તરીકે શ્રોતાઓને કથામૃતનું પાન કરાવી રહ્યા છે. દીવ, દેલવાડા, ઉના, જાફરાબાદ અને રાજુલા પંથકના વિશ્વકર્મા વંશજો દ્વારા આયોજિત આ મહોત્સવમાં દરરોજ રાત્રે ભજન કાર્યક્રમો તેમજ ભાવિકો માટે રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.




## રાજુલા તાલુકાના ચોત્રા ખાતે ચુટાયેલા પ્રતિનિધિઓનો સન્માન સમારોહ તથા લોકાર્પણ તેમજ ખાતમુહુર્તનો કાર્યક્રમ યોજાશે

**રાજુલા જાફરાબાદ ખાંભા કાઠી ક્ષત્રીય સમાજ દ્વારા પ્રથમ વખત ભવ્ય આયોજન**

જાફરાબાદ,તા.૧૦

રાજુલા તાલુકા ના ચોત્રા નજીક આવેલા મોમાઈ માતાજી મંદિર જે મંદિર મોમાઈ વડ તરીકે પ્રખ્યાત છે એટલે બાબરીયાવાડ કાઠી સમાજના મોમાઈ માતાજી કુળદેવી છે અહીંયા નદી કિનારે અને વર્ષો જુના વડલા ના વૃક્ષો અને કુદરતી સૌંદર્યથી ભરપૂર એવા શ્રી મોમાઈ માતાજી મંદિર મોમાઈ વડ ચોત્રા ના સાનિધ્યમાં આગામી તા. ૧૨/૫/૨૬ ને મંગળવાર ના રોજ સાંજના ૫.૦૦ કલાકે શ્રી રાજુલા જાફરાબાદ ખાંભા કાઠી ક્ષત્રીય સમાજ દ્વારા અમરેલી જીલ્લા ના કાઠી ક્ષત્રીય સમાજના નગરપાલિકા,જીલ્લા પંચાયત,અને તાલુકા પંચાયતના ચુટાયેલા તમામ સર્વપક્ષના પ્રતિનિધિઓ નો સન્માન સમારોહ તથા લોકાર્પણ અને ખાત મુર્હતનો કાર્યક્રમ યોજવામા આવી રહ્યો છે.આ કાર્યક્રમ મા અતિથિ વિશેષ તરીકે અમરેલી લોકસભાના સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા તથા ધારાસભ્ય હિરાભાઈ સોલંકી ઉપસ્થિત રહેશે. બંને મહાનુભાવો એ આ મંદિર વિકાસ માટે પોતાને આવતી ગ્રાન્ટો પણ ફાળવેલ છે કાઠી ક્ષત્રીય સમાજ રાજુલા, જાફરાબાદ, ખાંભા તેમજ શ્રીમોમાઈ માતાજી મંદિર મહંત સૂર્યપ્રકાશદાસજી દ્વારા આમંત્રણ પાઠવવામા આવ્યું છે.

## વડોદરા સરદારધામ લોકાર્પણ પ્રસંગે અમરેલી ખાતે કાર્યક્રમનું આયોજન

અમરેલી,તા.૧૦

પાટીદાર સમાજના યુવાઓના ઉજ્જવળ ભવિષ્ય માટે વડોદરા ખાતે રૂ. ૧૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત 'સરદારધામ'નું લોકાર્પણ આજરોજ ૧૧ મે, ૨૦૨૬ના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવશે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે અમરેલી ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ સરદારધામ વડોદરા ખાતે ૨૦૦૦ દીકરા-દીકરીઓ



માટે રહેવા અને અભ્યાસની અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડશે. આ લોકાર્પણ પ્રસંગને ઉત્સવની જેમ ઉજવવા માટે અમરેલીના ચક્કારગઢ રોડ પર આવેલા 'ખોડલધામ પાર્ટી પ્લોટ' ખાતે સોમવારે સાંજે ૫:૦૦ કલાકે સમસ્ત પાટીદાર સમાજના ભાઈઓ-બહેનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. સામાજિક એકતા અને શૈક્ષણિક ઉત્થાનના પ્રતીક સમાન આ પ્રકલ્પથી સમાજના વિકાસને નવી ગતિ મળશે.

## અવસાન નોંધ

**મોટી કુંકાવાવ**

સ્વ.અમૃતલાલ ઉમિયાશંકર જોષી (ઉ.વ.૯૩)નું તા.૧૦/૦૫/૨૦૨૬ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ઉદયભાઈ, તેમજ પારૂલબેન, ધર્મેન્દ્રકુમાર પંડયા તથા જાગૃતિબેન અમિતકુમાર વ્યાસના પિતાશ્રી અને નિધ્ધી, હેમલ, હર્ષલના દાદા તથા સ્વ.પકંજભાઈ, શરદભાઈ તેમજ કીર્તીભાઈ જોષીના કાકા થાય છે. તેમનું બેસણુ તા.૧૧/૦૫/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ નાથાબાપા દેવાણીના ડેલામાં રામજીમંદિર પાસે મોટી કુંકાવાવ ખાતે રાખેલ છે.

## બાબરામાં પરિણીતા કહ્યા વગર ઘરેથી ચાલી નિકળી

અમરેલી,તા.૧૦

બાબરાના જીવનપરા વિસ્તારમાં રહેતા સાહીલખાન આરબખાન ભોજવાણીના પત્ની કરીશ્માબેન (ઉ.વ. ૨૯) ગત તા. ૧૩/૦૪/૨૬ની રાત્રિથી ૧૪/૦૪/૨૬ની સવાર દરમિયાન કોઈને કહ્યા વગર ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે.









# બાબરકોટ દરિયાઈ પટ્ટી વિસ્તારમાં ખાનગી કંપનીને માઈનિંગ માટે જમીન સોંપાશે ???

અમરેલી,તા.૧૦

એક તરફ ગુજરાત સરકાર એશિયાટિક લાયન્સ (એશિયાઈ સિંહો)ના સંવર્ધન અને જતન માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવી રહી છે, ત્યારે બીજી તરફ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાબરકોટ દરિયાઈ પટ્ટી વિસ્તારમાં સિંહોના અસ્તિત્વ સામે જોખમ ઊભું થયું છે.વર્ષોથી સિંહોના કાયમી નિવાસસ્થાન ગણાતી ૭૫ હેક્ટર રિઝર્વ ફોરેસ્ટની જમીન એક ખાનગી કંપનીને માઈનિંગ (ખનન) માટે સોંપી દેવાની વન વિભાગની આંતરિક હિલચાલને પગલે પર્યાવરણપ્રેમીઓ અને સ્થાનિક જનતામાં ઉગ્ર વિરોધ ફાટી નીકળ્યો છે.

**સંકલનઃ બાબુ વાઢેળ**



## માઈનિંગ માટે જમીન કંપનીને સોંપવાની કામગીરી થઈ રહી છે : સરપંચ પ્રતિનિધિ



બાબરકોટ સરપંચ પ્રતિનિધિ અનક સાંખટએ જણાવ્યું હતું કે, બાબરકોટ ગામમાં ખાનગી કંપની નજીક સિંહો માટે રિઝર્વ જમીન ૭૦ હેક્ટર આવેલી છે. આ જમીન માઈનિંગ માટે કંપનીને સોંપવા માટે કાગળ ઉપર કામગીરી થઈ રહી છે તેવી માહિતી ગ્રામજનોને મળી છે. અત્યારસુધીમાં વનવિભાગના તમામ અધિકારીઓને નેગેટીવ રિપોર્ટ આપવામાં આવ્યા હતા પરંતુ, અમને જાણવા મળ્યું છે કે, ધારી વનવિભાગના અધિકારીઓએ પોઝીટિવ અભિપ્રાય આપ્યો છે.

## શું છે સમગ્ર વિવાદ?



જાફરાબાદના બાબરકોટ પાસે આવેલા ધારી ગીર પૂર્વ ડિવિઝન હેઠળના અનામત જંગલની કિંમતી જમીન પર એક ખાનગી કંપની છેલ્લા ૧૨ વર્ષથી ડોળો માંડીને બેઠી છે. અગાઉ ૨૦૧૬થી અત્યારસુધીના અનેક વન અધિકારીઓએ સિંહોની સુરક્ષાને ધ્યાને રાખી આ માઈનિંગ પ્રોજેક્ટને નકારી કાઢ્યો હતો.જોકે, હાલમાં વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ પ્રોજેક્ટ માટે 'હકારાત્મક અભિપ્રાય' આપી દેવામાં આવ્યો હોવાની ચર્ચા થઈ રહી છે.

## 'અમારા વિસ્તારમાં સિંહ ન હોવાનો અભિપ્રાય ખોટો' : સ્થાનિક



અમારા વિસ્તારમાં સિંહો ખુબજ મોટી સંખ્યામાં રહે છે. આ જમીન કંપનીને સોંપવાથી ગામડામાં ઘર્ષણો પણ વધશે.અમારી મુખ્યમંત્રીને વિનંતી છે કે, આ જમીન કંપનીને સોંપવામા ન આવે.અમારા વિસ્તારમાં સિંહ ન હોવાનો ખોટો અભિપ્રાય જે અધિકારીએ કંપની સાથે મળી આપ્યો છે,તે ખોટો છે. તેની સામે કાર્યવાહી કરવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી છે.



## સરકારની બેવડી નીતિ સામે સવાલો




એક તરફ 'SAVE LION'ના નારે પ્રચાર અને બીજી તરફ સિંહોના ઘરમાં જ માઈનિંગની તૈયારી - સરકારની આ બેવડી નીતિ સામે સવાલો ઉઠી રહ્યા છે. જોકે, આ મુદ્દે રાજ્યના કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયાએ સ્પષ્ટતા કરી છે કે, અમારા ધ્યાને આવો કોઈ પ્રસ્તાવ આવ્યો નથી. અમે કોઈપણ રિઝર્વ ફોરેસ્ટમાં માઈનિંગની મંજૂરી આપતા નથી .

## આગામી સમય શું લાવશે?

મંત્રી અર્જુન મોઢવાડીયાના નકાર છતાં વન વિભાગના સૂત્રો અને સ્થાનિક હિલચાલ કંઈક અલગ જ સંકેત આપી રહ્યા છે. જો વન વિભાગ આ જમીન કંપનીને સોંપશે, તો ગુજરાતની શાન ગણાતા સિંહો માટે આ મોટો ફટકો સાબિત થશે. હાલ તો સિંહપ્રેમીઓએ 'Save Lion, Save Reserve Froest' ના અભિયાન સાથે સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે વિરોધ તેજ કર્યો છે.

શ્રેષ્ઠ શિક્ષણ... શ્રેષ્ઠ પરિણામ...
**પિનાયક કોમર્સ કલાસીસ**
:ઉચ્ચતર માધ્યમિક વિભાગ: ધોરણ 11-12 (આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ)
વ્યાજબી ફી | ઉત્તમ શિક્ષણ
:કોલેજ વિભાગ: B.Com. - M.Com. (એકાઉન્ટ)
સંપર્ક : ડૉ. એન.વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D.)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : 8, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
**સંજય ટાયર્સ**
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

**સ્પે. વેકેશન બેચ સ્પોકન ઈંગ્લિશ**
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
**ઓજસ કલાસીસ - અમરેલી**
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧



BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

**ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર**




ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૯૬/૨૦૨૬

અરજદાર :- શ્રી બાબુભાઈ ખોડાભાઈ વાઘેલા
રહે.નંદનવન સોસાયટી, ગાયત્રી મંદિર પાસે, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ખીજડીયા રાદડીયા, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામમાં અરજદાર શ્રી બાબુભાઈ ખોડાભાઈ વાઘેલા તેઓની પોતાની જન્મ (તા.૦૬/૦૬/૧૯૬૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૭૬/૨૦૨૬

અરજદાર :- શ્રી બાલુભાઈ ડાયાભાઈ મકવાણા
રહે.ચાડીયા, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ચાડીયા, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચાડીયા ગામમાં અરજદાર શ્રી બાલુભાઈ ડાયાભાઈ મકવાણા તેઓના પુત્રી આશાબેન બાલુભાઈ મકવાણાની જન્મ (તા.૩૧/૦૫/૧૯૮૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ કેસ-નં.88/2026

પ્રતિ,
શ્રી રામુભાઈ વાલાભાઈ પરમાર,
રહે.નાગેશ્રી, ગામ-નાગેશ્રી, તાલુકો-જાફરાબાદ, જિલ્લો-અમરેલી
વકીલશ્રી, આર.એમ.બાંભણીયા, ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વરસીંગપુર, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નાગેશ્રી ગામના રહીશ રામુભાઈ વાલાભાઈ પરમાર તથા સાન્તુ રામુભાઈ પરમારના પુત્રી પ્રિયંકા રામુભાઈ પરમારનો જન્મ તા.15/01/2005 ના રોજ ઉના તાલુકાના વરસીંગપુર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત વરસીંગપુર, તાલુકો-ઉના સને-2005 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

**શું તમને સાંભળવાની તકલીફ છે ?**



નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય ફ્રિ



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા રૂ. ૩૧.૨૮ લાખના વિકાસકાર્યનું ખાતમુહૂર્ત**

# લાઠીના નાના રાજકોટ ગામમાં તળાવના નવીનીકરણનો પ્રારંભ

લાઠી,તા.૧૦

લાઠી તાલુકાના નાના રાજકોટ ગામે તળાવના રિસ્ટોરેશન (પુનઃજીર્ણોધ્ધાર) કાર્યનું વિધિવત ખાતમુહૂર્ત ધારાસભ્ય જનક તળાવીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. અંદાજે રૂ. ૩૧.૨૮ લાખના ખર્ચે સાકાર થનારા આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટથી ગામની જળ સંગ્રહ ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે, જેનો સીધો લાભ



સ્થાનિક પર્યાવરણ અને કૃષિ ક્ષેત્રને લાંબાગાળે મળતો થશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના વર્તમાન અને પૂર્વ સદસ્યો, તાલુકા ભાજપ પ્રમુખ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન જનક તળાવીયાએ ગ્રામીણ જનતાને સંબોધતા જણાવ્યું હતું કે ગુજરાત સરકાર છેવાડાના ગામો સુધી જળ સંરક્ષણ અને કુદરતી સંસાધનોના જતન માટે અત્યંત ગંભીર અને પ્રયત્નશીલ છે. આ તળાવના ઊંડા ઉતરવાથી અને મજબૂતીકરણથી વરસાદી પાણીના સંગ્રહની સાથે ભૂગર્ભ જળસ્તર પણ ઊંચા આવશે, જે ખેડૂતો માટે સિંચાઈના આશીર્વાદ સમાન સાબિત થશે. સરકારની પ્રાથમિકતા હંમેશા ગામડાઓના સર્વાંગી વિકાસ માટે રસ્તા, સ્વચ્છતા અને પર્યાવરણલક્ષી સુવિધાઓ પૂરી પાડવાની રહી છે. આ પુનઃજીર્ણોધ્ધાર માત્ર ભૌતિક વિકાસ નથી પરંતુ આગામી પેઢીને જળ સુરક્ષા આપવાનું એક ઉમદા કાર્ય છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ ગામના પ્રાકૃતિક સૌંદર્યમાં પણ વધારો થશે.

# ખાંભાના નાના બારમણ ગામના યુવક પર ત્રણ શખ્સોનો હુમલો

**આરોપીઓ મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ**

ખાંભા,તા.૧૦

ખાંભા તાલુકાના રાયડી ડેમ પાસે ગત રાત્રિએ ટ્રેક્ટરમાં કાંપ ભરવા જેવી સામાન્ય બાબતે એક યુવાન પર હુમલો થતા ચકચાર મચી છે.

નાના બારમણ ગામના ખેતમજૂર રાહુલભાઈ પુંજાભાઈ નાગર (ઉ.વ. ૨૮) પોતાનું ટ્રેક્ટર લઈ ડેમ પર ગયા હતા, ત્યારે ઝઘડો થયો હતો.ઘટનાની વિગત મુજબ, છતડીયા ગામના શિવરાજભાઈ કારેતાએ રાહુલભાઈને ટ્રેક્ટર ભરવાની ના પાડી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ગાળો આપી હતી. ત્યારબાદ આરોપીએ જયરાજભાઈ કારેતા અને અનકભાઈ વરૂને બોલાવી, ત્રણેય શખ્સોએ ભેગા મળી રાહુલભાઈને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હામાં એકબીજાની મદદગારી કરી હતી. આ મામલે ખાંભા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલામાં ગેસનો ચૂલો શરૂ કરતા આગ લાગતા બે વ્યક્તિઓ દાઝ્યા

**ગેસ રિપેરીંગ કરનાર વ્યક્તિ પણ ગંભીર રીતે દાઝી ગયા**

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલા શહેરના પારેખવાડીમાં રહેતા દયાબેન, મહેશભાઈ, ઘનશ્યામભાઈ પોતાના ઘરે ચા બનાવવા માટે ગેસનો ચૂલો શરૂ કરતા અચાનક આગનો ભડકો થયો હતો. આ દુર્ઘટનામાં દયાબેન હાથે અને પગે દાઝી ગયા હતા. ત્યારબાદ ગેસ રિપેર કરવા માટે કારીગરને બોલાવવામાં આવ્યા હતા. રિપેરિંગ કરી ફરીથી ચૂલો શરૂ કરવાનો પ્રયાસ કરતા ગેસ લીકેજના કારણે જોરદાર ભડકો થયો હતો, જેમાં રિપેર કરનાર યુવાન પણ મોઢા અને હાથ-પગના ભાગે ગંભીર રીતે દાઝી ગયા હતા. ગેસ લીકેજના કારણે બે લોકો દાઝી જતા ચકચાર મચી છે.

# ચલાલામાં દારૂ પી બડબડ કરવાની ના પાડતા ૬ શખ્સો તૂટી પડ્યા

ચલાલા,તા.૧૦

ચલાલામાં ગત સાંજે સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. શેરીમાં દારૂ પીને બબડાટ કરતા શખ્સને સમજાવવા ગયેલા યુવક પર છ શખ્સોએ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે.ચલાલાની દાનેવ સોસાયટીમાં રહેતા પ્રદિપભાઈ મનસુખભાઈ રાઠોડના ભાભી અને બહેન ઘર પાસે ભરતકામ કરી રહ્યા હતા. તે સમયે પડોશમાં રહેતો વિપુલ ઉર્ફે દાઉદ સવજીભાઈ દાફડા દારૂ પીને ગાળાગાળી કરતો હોવાથી મહિલાઓએ તેને આગળ જવા કહ્યું હતું. આ બાબતે ઉશ્કેરાયેલા વિપુલે ઝઘડો શરૂ કર્યો હતો.ઝઘડાની જાણ થતા પ્રદિપભાઈ ઘરે આવી વિપુલને સમજાવવા જતાં, વિપુલે તેના પરિવારના સભ્યો અને મિત્રો સાગર, સવિતાબેન, રાહુલ, લખમણભાઈ અને દિવીબેન સાથે મળીને પ્રદિપભાઈ પર હુમલો કર્યો હતો. વિપુલે લોખંડના પાઈપ વડે પ્રદિપભાઈના માથા અને હાથે આડેધડ ઘા ઝીંક્યા હતા.હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પ્રદિપભાઈને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમના માથામાં કુલ ૧૬ ટાંકા આવ્યા છે અને હાથે ફેક્ચર થયું છે. આરોપીઓએ જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# બગસરાના હુડકો વિસ્તારમાં સમજાવવા ગયેલા યુવકને માથામાં પાઈપ ઝીંક્યો

બગસરા,તા.૧૦

બગસરામાં હુડકો વિસ્તારમાં આવેલ વેલનાથબાપાના મંદિરે મારામારીની ઘટના બની હતી. ભાવેશભાઈ જયંતીભાઈ બારૈયા (ઉ.વ. ૩૦) નામના યુવકના મિત્ર પિન્ટુભાઈ સાથે ગોવિંદભાઈ ડુંગરીયા ઝઘડો કરી રહ્યા હતા. આ દરમિયાન ભાવેશભાઈ વચ્ચે પડી સમજાવટ કરી રહ્યા હતા, જે ગોવિંદભાઈને ગમ્યું નહોતું. આ બાબતની અદાવત રાખી ગોવિંદભાઈએ લોખંડના પાઈપ વડે ભાવેશભાઈના માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના કારણે તેમને ૩૫ ટાંકા આવ્યા છે. આ હુમલામાં રમેશભાઈ અને રોહિત ડુંગરીયાએ પણ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. પોલીસે ત્રણેય શખ્સો વિરુધ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ફરીયાદી અને તેની માતા પર ધોકા વડે માર મારી ગંભીર ઈજાઓ કરી**

# લાઠીના વીરપુર ગામે મૈત્રી કરારમાં રહેતી યુવતીના પરિવારજનોનો હુમલો

લાઠી,તા.૧૦

લાઠી તાલુકાના વીરપુર ગામે મૈત્રી કરાર બાદ સાથે રહેતી યુવતી અને તેની દીકરીને પરાણે લઈ જવાના મામલે સશસ્ત્ર હુમલો અને અપહરણની ઘટના સામે આવી છે.

ગઈકાલે બપોરે ત્રણ વાગ્યાના અરસામાં રમેશભાઈ વાળાના રહેણાંક મકાને ભાવનગરના રંઘોળા ગામના મયાભાઈ ખમળ અને અરજણભાઈ ખમળ સહિત ૧૦ શખ્સોએ હુમલો કર્યો હતો. ફરિયાદી રમેશભાઈએ રંઘોળાની વર્ષાબેન સાથે મૈત્રી કરાર કર્યા હતા, જે બાબતનું મનદુઃખ રાખી આરોપીઓએ દીવાલ ટપી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

હુમલાખોરોએ લાકડાના ધોકા વડે આડેધડ માર મારતા રમેશભાઈને પગમાં અને તેમના માતા ભાવનાબેનને હાથમાં ફેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી છે. આ ઉપરાંત પરિવારના અન્ય સભ્યોને પણ મુંઢ માર મારવામાં આવ્યો હતો. આરોપીઓ વર્ષાબેન અને તેમની પુત્રી જેનાલીને બળજબરીપૂર્વક ફોરવ્હીલમાં બેસાડી અપહરણ કરી ગયા હતા. લાઠી પોલીસે મયાભાઈ ખમળ, અરજણભાઈ ખમળ અને અન્ય ૮ અજાણ્યા શખ્સો વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**યુવતી અને તેની દિકરીનું અપહરણ કરી પરિવારના સભ્યો નાસી ગયા**

# અમરેલીના પ્રતાપપરામાં ઉછીના નાણાં પરત માંગતા વૃધ્ધા પર હુમલો

અમરેલી,તા.૧૦

અમરેલીના પ્રતાપપરા વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય વૃધ્ધા લાભુબેન રવજીભાઈ પંચાળાએ સંજયભાઈ રમેશભાઈ પંચાળા વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. વિગત મુજબ, ગત તા. ૦૮/૦૫/૨૦૨૫ ના રોજ સવારે જ્યારે લાભુબેન સામાવાળા પાસે પોતાના અગાઉ આપેલા ઉછીના નાણાં પરત લેવા ગયા હતા, ત્યારે આર્થિક વ્યવહારના મનદુઃખમાં સંજયભાઈએ ઉશ્કેરાઈ જઈ હુમલો કર્યો હતો. સામાવાળાએ લોખંડના પાઈપ વડે લાભુબેનને સાથળના ભાગે તેમજ જમણા હાથની આંગળી પર ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ સાથે જ બિભત્સ ગાળો આપી ગુન્હો આચર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના અનાર્મ હેડ કોન્સ્ટેબલ પી. આર. બાવળીયાએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**પૈસાની ઉઘરાણી કરવા ગયેલા મહિલાને પાઇપ વડે માર મારી જાનથી મારવાની ધમકી આપી**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ
તા.૧૧-૦૫-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૪,
સૂર્યાસ્ત-૦૭:૦૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શત તારકા

## દૈનિક રાશિફળ

તા.૧૧-૦૫-૨૦૨૬ સોમવાર

મેષ: ગણેશજી કહે છે, આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે.

વૃષભ: આજે વૃષભ રાશિના જાતકો નિર્ભયતાથી કાર્યો પાર પાડી શકશે. જીવનસાથી સાથે આજનો દિવસ ખૂબ જ મધુર રહેશે.

મિથુન: આજે તમને પૂર્વજો તરફથી પૈસા મળવાની સંભાવના છે. આજે મંત્ર-તંત્રમાં તમારી રુચિ વધી શકે છે.

કર્ક: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. સ્થાયી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે.

સિંહ: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. તમારી વર્તણૂક સાથે આ ધ્યાનમાં રાખો અને ભોજનમાં ધ્યાન રાખો.

કન્યા: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો છેલ્લા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય તો તેમાં સુધારો થશે.

તુલા: તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો.

વૃશ્ચિક: જો તમે વિદ્યાર્થી છો, તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે.

ધન: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો.

મકર: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે.

કુંભ: આજે આવકથી વધુ ખર્ચા થશે. બાળકો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્ય દ્વારા તમારું માન વધારશે.

મીન: ગુરુ એ નિયમનો પ્રતિનિધિ છે, તેથી નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો.

# સાવરકુંડલાના મેરીયાણામાં બોદર પરીવારના આંગણે ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે બોદર પરીવારના કુળદેવી ખોડીયાર માતાજી અને બ્રહ્માણી માતાજીના નવનિર્મિત મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૮, ૯ અને ૧૦ મે ના રોજ યોજાયો હતો. આ તકે ૧૫ કુંડી મહાયજ્ઞમાં આજુબાજુના ૬૦ જેટલા ગામોના બોદર પરિવારના સભ્યો ઉપસ્થિત



રહ્યા હતા. આ પ્રસંગે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રદીપ પાઘડી, લોકસાહિત્યકાર કિશન રાદડિયા અને ચિરાગ પટેલે મધુર સંતવાણી સંભળાવી હતી. મેરીયાણા ગામના લોકો પણ આ ધાર્મિક કાર્યમાં જોડાયા હતા. ખોડીયાર માતાજી અને બ્રહ્માણી માતાજીની મૂર્તિની શોભાયાત્રા ધામધૂમથી ગામની બજારોમાં નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો, સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સાધુ-સંતો, રાજકીય આગેવાનો અને દાતાઓનું પરિવાર દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# દામનગરની અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલનું અમરેલી જિલ્લામાં ૧૦૦ ટકા પરિણામ

દામનગર,તા.૧૦



દામનગર શહેરમાં તાલુકા કલ્યાણ મંડળ સંચાલિત ઝેડ એમ અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલનું ધો-૧૨નું સમગ્ર અમરેલી જિલ્લામાં ૧૦૦% પરિણામ જાહેર થયું છે. આ શાળા હજારો દીકરીઓને વિના મૂલ્યે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સાથે મહાત્મા ગાંધીના આદર્શોની સાથે દીકરીઓનું ઉત્તમ ઘડતર કરે છે. વિદ્યાર્થિનીઓના ઉજ્જવળ પરિણામથી સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# જાફરાબાદના કડીયાળી ગામના પ્રણવ પરમારે MBBSની ડિગ્રી પાસ કરી

જાફરાબાદ,તા.૧૦

જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામના અને હાલ ભાવનગર સ્થિત પરમાર પરિવારના પ્રણવ મનહરભાઈ પરમારે તબીબી ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવી સમાજનું નામ રોશન કર્યું છે. તેઓ કડીયાળીના જાણીતા સ્વાતંત્ર્ય સેનાની સ્વ. અનંતરાય સાજણભાઈ પરમારના પ્રપૌત્ર અને સ્વ. ગુણવંતરાયના પૌત્ર તથા



ભાવનગરના કસ્ટમ સુપ્રિટેન્ડેન્ટ મનહરભાઈ પરમારના પુત્ર છે.ડો. પ્રણવભાઈએ તાજેતરમાં પોતાનો સ્મ્મ્જીનો અભ્યાસ પૂર્ણ કરી ડોક્ટરની પદવી પ્રાપ્ત કરી છે.

# ધારીની કોર્ટમાં સમાધાન માટે ભેગા થયેલા શખ્સોનો પરિણીતા પર હુમલો

**પરિણીતાએ પતિ, દિયર, સાસુ અને સસરા સામે ફરીયાદ નોંધાવી**

અમરેલી,તા.૧૦

ધારી કોર્ટ સંકુલમાં આવેલા મીડીયેશન સેન્ટરમાં સમાધાનની પ્રક્રિયા દરમિયાન એક ચોંકાવનારી ઘટના બની છે. ઈંગોરાળા (ભાડ) ગામની ૨૮ વર્ષીય પરિણીતા રિંકલબેન સુમીતભાઈ ગોહીલ પર તેમના સાસરીયા પક્ષ દ્વારા હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા ચકચાર મચી ગઈ છે.

ફરિયાદી રિંકલબેન તેમના ડોમેસ્ટિક વાયોલન્સના કેસ અંતર્ગત મીડીયેશન (સમાધાન) માટે ધારી કોર્ટ ખાતે આવ્યા હતા. આ દરમિયાન રિંકલબેને તેમના પતિ સાથે એકાંતમાં વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરતા, અન્ય સાસરીયાઓને બહાર જવા કહ્યું હતું. આ વાતથી ઉશ્કેરાઈને સાસુ હર્ષાબેન અને દિયર ધવલભાઈએ રિંકલબેનને ગાળો આપી, ગાલ પર ઝાપટો મારી મુંઢ માર માર્યો હતો.આ ઝઘડામાં પતિ સુમીતભાઈ અને સસરા હરેશભાઈએ પણ જોડાઈને રિંકલબેન અને તેમના પિતા વિનુભાઈને બેફામ ગાળો આપી હતી. આરોપીઓએ રિંકલબેનને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હાલ આ મામલે રિંકલબેને સાવરકુંડલાના રહેવાસી એવા પતિ, દિયર, સાસુ અને સસરા વિરુધ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

## તંત્રી લેખ

# ઉડ્ડયનક્ષેત્રમાંભારતનીઊંચીઉડાન

ભારત આજે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ઉડ્ડયન બજારોમાં સ્થાન મેળવી રહ્યું છે. સામાન્ય માણસ માટે હવાઈ મુસાફરી હવે વૈભવ નહીં પરંતુ જરૂરીયાત બની રહી છે. આ બદલાતી પરિસ્થિતિ વચ્ચે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયેલી 'ઇન્ડિયા એરક્રાફ્ટ લીઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ સમિટ ૨.૦' માત્ર એક ઉદ્યોગિક કાર્યક્રમ નહોતો, પરંતુ ભારતના ભવિષ્યના ઉડ્ડયન નકશાની ઝલક હતી. આ સમિટમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ જે દ્રષ્ટિકોણ રજૂ કર્યો, તે દર્શાવે છે કે ભારત હવે ફક્ત વિમાનો ઉડાડનાર દેશ નહીં, પરંતુ વૈશ્વિક ઉડ્ડયન અર્થતંત્રમાં આગેવાન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ભારત પહેલાથી જ વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર બની ગયું છે. હવે ૨૦૩૫ સુધીમાં ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું નાગરિક ઉડ્ડયન બજાર બનવા તરફ આગળ વધી રહ્યું છે. આજે દેશમાં આશરે ૧,૧૦૦ કોમર્શિયલ એરક્રાફ્ટ છે અને આગામી દાયકામાં આ સંખ્યા લગભગ ત્રણ ગણી થઈ ૨,૨૫૦ સુધી પહોંચી શકે છે. આ આંકડા માત્ર વૃધ્ધિ બતાવતા નથી, પરંતુ દેશના આર્થિક વિકાસ, વધતી મધ્યમવર્ગીય વસ્તી અને ઝડપથી વધી રહેલી મુસાફરીની માંગનો પણ પરિચય આપે છે.

ઉડ્ડયન ક્ષેત્રમાં સૌથી મહત્વનો મુદ્દો એરક્રાફ્ટ લીઝિંગનો છે. હાલમાં ભારતીય એરલાઈન્સના ૮૦ ટકાથી વધુ વિમાનો વિદેશી દેશો જેવી કે આયર્લેન્ડ, સિંગાપોર અને દુબઈમાંથી લીઝ પર લેવામાં આવે છે. એટલે કે ભારતનું મોટું મૂડીપ્રવાહ વિદેશમાં જાય છે. હવે ગિફ્ટ સિટી આ સ્થિતિ બદલવાની તૈયારીમાં છે. ગુજરાતની ધરતી પર ઉભરતું આ આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર હવે એરક્રાફ્ટ લીઝિંગ અને ફાઈનાન્સિંગ માટે વૈશ્વિક હબ તરીકે પોતાની ઓળખ બનાવી રહ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યોગ્ય રીતે જણાવ્યું કે ગિફ્ટ સિટીમાં કાર્યરત **IFSCA** દેશની અંદર એરક્રાફ્ટ લીઝિંગ ઉદ્યોગને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આજે ગિફ્ટ સિટીમાં ૪૦ થી વધુ એરક્રાફ્ટ લીઝર્સ સક્રિય છે અને ૨૦૦ થી વધુ એરક્રાફ્ટ તેમજ ૮૪ એન્જિન માટે લીઝિંગ કરારો પૂર્ણ થઈ ચૂક્યા છે. થોડા વર્ષો પહેલા જ્યાં એક પણ લીઝિંગ યુનિટ નહોતું, ત્યાં આજે આટલી ઝડપથી વિકાસ થવો એ દેશની નીતિ અને દૃઢ ઈચ્છાશક્તિનું પરિણામ છે.

અમદાવાદ એરપોર્ટને વિશ્વ-સ્તરીય સુવિધાઓથી સજ્જ કરવાની યોજના પણ મહત્વપૂર્ણ છે. ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને જો અમદાવાદ આંતરરાષ્ટ્રીય ધોરણનું ઉડ્ડયન કેન્દ્ર બને તો તે ગુજરાતના વિકાસમાં વધુ ગતિ લાવશે. વિશ્વસ્તરીય એરપોર્ટ માત્ર મુસાફરી માટે જ નહીં પરંતુ વેપાર, પ્રવાસન અને રોકાણ માટે પણ મહત્વપૂર્ણ બને છે. ગિફ્ટ સિટીમાં યોજાયેલી આ સમિટે એક સંદેશ સ્પષ્ટ કર્યો છે કે ભારત હવે આકાશમાં માત્ર ઉડાન નહીં ભરે, પરંતુ વૈશ્વિક ઉડ્ડયન અર્થતંત્રમાં પોતાની મજબૂત ઓળખ પણ ઉભી કરશે. ગુજરાત આ પરિવર્તનનું કેન્દ્ર બની રહ્યું છે અને દેશ માટે ગૌરવની નવી દિશા તૈયાર કરી રહ્યું છે.

# "આજ કાલ દુનિયામાં સૌથી ચિંતાજનક મુદ્દો આતંકવાદ" (પુષ્પ : ૨૨)



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ચતુર્થ સરસંઘચાલક શ્રી રજ્જુભૈયાએ ઈ.સ. ૧૯૯૬ ના વિજયાદશમીના ઉત્સવમાં સ્વયંસેવકોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, "આજ કાલ દુનિયામાં સૌથી ચિંતાજનક મુદ્દો આતંકવાદ છે". એટલાન્ટા ઓલિમ્પિક પહેલા અમેરિકાના ટી.ડબલ્યુ એ. વિમાનમાં મુસાફરી કરી રહેલા ૨૫૦ નિર્દોષ મુસાફરો બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયા હતા અને અત્યંત સાવચેતી રાખવા છતાં એટલાન્ટાના એક પાર્કમાં સેંકડો લોકો બોમ્બ વિસ્ફોટથી ઘાયલ થયા. આતંકવાદીઓ મોજમસ્તી અને મનોરંજનના કાર્યક્રમોને પણ નિશાન બનાવી રહ્યા છે. તેથી જીવનની આનંદની થોડી ક્ષણો પર પણ ચિંતાનો પડછાયો છવાઈ ગયો છે. એટલા માટે જ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી બિલ ક્લિન્ટને તેમના ભાષણમાં આ મુદ્દા પર વધુ ચિંતા વ્યક્ત કરી હતી. આજ કાલ જાપાનથી લઈને અમેરિકા સુધી દુનિયાના દરેક ખૂણામાં આ ઘટનાઓ બનવા લાગી છે. ભારત પણ છેલ્લા આઠ - દસ વર્ષથી આ ભયાનકતાનો સામનો કરી રહ્યું છે. કાશ્મીર ખીણના લગભગ ત્રણ લાખ હિન્દુઓ આ કારણે જ પોતાના જ દેશમાં શરણાર્થી બની ગયા છે. પૂર્વાંચલમાં પણ ખાસ કરીને નાગાલેન્ડ, મણિપુર અને આસામમાં, ઘણા વર્ષોથી અર્થહીન હત્યાઓનો સમયગાળો ચાલી રહ્યો છે.

કમનસીબે, આ આતંકવાદ શા માટે ઉદ્ભવે છે તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવી રહ્યો નથી અને તેને રોકવા માટે અસરકારક પગલાં લેવામાં આવી રહ્યા નથી. આજે પ્રચલિત પધ્ધતિ અનુસાર તેની સારવાર ઉપરછલ્લી પધ્ધતિઓથી કરવામાં આવી રહી છે – જેને એફિક્સ અને બેન્ડ-એઈડ કહેવામાં આવે છે. શાસકો તરફથી એક નિવેદન આવી જાય છે કે, આવા આતંકવાદી કૃતિઓ માટે જવાબદાર લોકોને બિલકુલ બક્ષવામાં આવશે નહીં.

હકીકતમાં લોકશાહીનો એક મૂળભૂત સિધ્ધાંત એ અભિપ્રાય રાખવાની સ્વતંત્રતા છે. ભારતમાં પ્રાચીન કાળથી અભિવ્યક્તિની સ્વતંત્રતા અસ્તિત્વમાં છે. ફક્ત એક જ નહી પણ ઓછામાં ઓછા છ દર્શન છે, તેમાં નાસ્તિકોનું પણ મહત્વ છે. આ લોકશાહીની ભાવના છે, પોતાના વિચારો પર અડગ રહીને બીજાના વિચારોનો આદર કરવશે. પરંતુ કમનસીબે, દુનિયામાં કેટલાક એવા સંપ્રદાયો ઊભરી આવ્યા જેમણે કહેવાનું શરૂ કર્યું કે જે લોકો આપણા માર્ગ સિવાય બીજા માર્ગો પર ચાલે છે તેઓ નરકમાં જશે. તેઓ આ સરળ વાત સમજી શકતા નથી કે શું તેમના પ્રેષિતના આગમન પહેલા બધા લોકો નરકમાં ગયા હતા ? ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓએ પોતાના ધર્મનો ફેલાવો કરવા માટે કેટલા ભયાનક હત્યાકાંડ કર્યા છે તે સર્વવિદિત છે. તેમના પુસ્તકોમાંથી પણ આવા વાક્યો ટાંકી શકાય છે જે ભાઈચારો અને સહિષ્ણુતાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. પરંતુ બંને સંપ્રદાયોના અનુયાયીઓએ તે વાક્યોની અવગણના કરી છે અને વિપરીત રીતે વર્ત્યા છે. આજ કાલ આપણા દેશમાં ધર્મનિરપેક્ષતા સૌથી વધુ વિવાદ અને મહત્વનો વિષય બની ગયો છે. અંગ્રેજી ભાષામાં જે રાજ્ય કોઈ સંપ્રદાયના નામે ચાલે છે તેને થીઓક્રેટિક સ્ટેટ અથવા ધાર્મિક રાજ્ય કહેવામાં આવે છે. તેનો વિરોધી શબ્દ ધર્મનિરપેક્ષ રાજ્ય છે. કહેવાને અર્થ એ છે કે રાજ્ય એક એવી સંસ્થા છે જે દેશની સુરક્ષા, અર્થતંત્ર અને ન્યાયનું સંચાલન કરે છે. તેથી તે પોતાની ફરજો બજાવતી વખતે કોઈ વ્યક્તિ, કોઈ સંપ્રદાય કે ધર્મનો છે કે નહીં તે ધ્યાનમાં લેશે નહીં. આ ખરેખર રાજ્યની અપેક્ષા છે અને તે વાજબી પણ છે. ભારતમાં આ હજારો વર્ષોથી ચાલી રહ્યું છે. આ દેશના કોઈ પણ પ્રદેશમાં ભાગ્યે જ કોઈ સાંપ્રદાયિક રાજ્ય બન્યું હશે. આવી સ્થિતિમાં, આ દેશની સંસ્કૃતિમાંથી જીવનદર્શન મેળવનારાઓ પર પંથનિરપેક્ષતાની વિરુધ્ધ હોવાનો આરોપ લગાવવો કદાચ આ સદીનું સૌથી મોટું જૂઠાણું હશે. હિન્દુ સમાજે બાળપણથી જ બધી પૂજા પધ્ધતિઓનો આદર કરવાનું શીખી લીધું છે જ્યાં દેશના બંને ભાગો ભાંગ્લાદેશ અને પાકિસ્તાન ઈસ્લામિક રાજ્યો જાહેર કરવામાં આવ્યા છે, ત્યાં ભારત એક પંથનિરપેક્ષ રાજ્ય હોવાનું ગર્વ અનુભવે છે. આ દેશનું દુર્ભાગ્ય રહ્યું છે કે, આઝાદી પછી ઊભરી આવેલા અગ્રણી નેતાઓ હિન્દી અને સંસ્કૃતથી અજાણ હતા. તેથી જ અંગ્રેજી શબ્દ 'રિલિજન' જેનો અર્થ સંપ્રદાય, સમુદાય અથવા પંથ થાય છે, તેને ભૂલથી ધર્મ તરીકે અનુવાદ કરવામાં આવ્યો અને ધર્મનિરપેક્ષ રાજ્યને ધર્મનિરપેક્ષ શાસન કહેવાવા લાગ્યું. વિદેશી ભાષાઓમાં ધર્મ શબ્દનો કોઈ સમાનાર્થી શબ્દ નથી. એટલા માટે ઘણા અંગ્રેજી ગ્રંથોમાં ધર્મને ધર્મ તરીકે લખવામાં આવે છે. ગીતામાં ભગવાન કૃષ્ણએ પોતાના અવતારનું કારણ ધર્મ-સંસ્થાપના જણાવ્યું છે. પરંતુ આજના શાસકો ધર્મનિરપેક્ષ રાજ્ય વિશે વાત કરતા ક્યારેય થાકતા નથી. કદાચ આ નેતાઓમાં પસ્તાવાની લાગણી ઊભી થઈ હશે, જેના કારણે આજે દેશમાં વ્યાપક ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે. સ્વતંત્રતા પછી, જેમ જેમ ધર્મમાં શ્રધ્ધા ઓછી થતી ગઈ, તેમ-તેમ સ્વાર્થ અને અનૈતિકતાએ માથું ઊંચક્યું અને એક પછી એક ભ્રષ્ટાચારની શ્રેણી શરૂ થઈ. આજના ભારતના રાજકારણીઓ માટે માથું ઊંચું કરીને કોઈની સાથે રૂબરૂ વાત કરવી પણ મુશ્કેલ છે. ગાંધીજી જે આજના મોટા ભાગના શાસકો માટે રશેલ મોડેલ છે, તેમણે ધર્મ વિનાના રાજકારણને કચરો ગણાવ્યું છે. ધર્મ એ સદગુણોને સંગ્રહ છે. તે નૈતિક મૂલ્યોને આધાર છે જેમાંથી માણસ અને સમાજ જીવનશક્તિ મેળવે છે. તે ધર્મથી સ્વતંત્ર રહીને આપણે એક ઉન્નત અને સદાચારી રાષ્ટ્રની કલ્પના કેવી રીતે કરી શકીએ ? રાજકારણીઓએ પણ શિક્ષણપ્રણાલીમાંથી એવા બધા વિષયો દૂર કરી દીધા છે જેમાં તેમને ધર્મની સુગંધ આવતી હોય. આવનારી પેઢીઓમાં પણ આ રોગ ફેલાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.આજના શાસકોએ ધર્મનિરપેક્ષતાનો અર્થ મુસ્લિમોના તૃષ્ટિકરણ તરીકે કર્યો છે અને બીજી તરફ હિન્દુ સમાજ સામે સામાજિક સંકુચિત માનસિકતાના આરોપ લગાવ્યા છે. તેમને ઈમામોને પગાર આપવામાં કોઈ વાંધો નથી લાગતો ન તો હજીયાત્રીઓને સબસીડી આપવામાં કોઈ વાંધો છે. લઘુમતી આયોગની રચના અને તેને નાણાકીય સહાય પૂરી પાડવા માટે એક અલગ ભંડોળ બનાવવાથી તેમની ધર્મનિરપેક્ષ ભાવના અવરોધાતી નથી. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન દેશને એક રાખવા માટે કોંગ્રેસે મુસ્લિમ તુષ્ટિકરણનો માર્ગ અપનાવ્યો. જે દેશના ભાગલા સાથે સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયો. એ જ ખરાબ આદત આજે પણ તેનો પીછો નથી છોડતી. જેમ કોઈ ડ્રગ્સનો વ્યસની પોતાના અવાસ્તવિક સપના જોવા માટે ડ્રગ્સ છોડતો નથી અને પરિણામે તેનું સ્વારસ્થ્ય બગડે છે, તેવી જ રીતે આજના રાજકારણીઓ સત્તાના લોભમાં તૃષ્ટિકરણનું ડ્રગ્સ પી રહ્યા છે અને રાષ્ટ્રને ખોખલું બનાવી રહ્યા છે. ફક્ત લઘુમતી મતોના આધારે સત્તા પ્રાપ્ત કરી શકાતી નથી. તેથી, હિન્દુ સમાજને વિભાજિત કરવાનું કાવતરું પણ ઘડવામાં આવી રહ્યું છે. જે લોકો કહે છે કે, જાતિવાદ આ દેશનો સૌથી મોટો દુશ્મન છે એ જ લોકો આજે બીજી રીતે જાતિવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે. આવા જ લોકો દેશ અને સમાજને સૌથી મોટું નુકસાન પહોંચાડી રહ્યા છે. આ રીતે શ્રી રજ્જુભૈયાએ તત્કાલીન ભારતની પરિસ્થિતિ સંદર્ભે વાસ્તવિકતાની યથાતથ છબી રજૂ કરીને પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા હતા.

**વિચારપૂંજ**
સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# જળ એ જીવન છે - કુદરતનું અમૂલ્ય વરદાન.. ધરતી ને જળ પાછુ આપો

"જળ છે તો જીવન છે" – આ માત્ર એક સૂત્ર નથી, પરંતુ સમગ્ર સૃષ્ટિનો આધાર છે. પાણી વગર માનવ જીવન, પશુ-પંખી, ખેતી , વૃક્ષો અને પર્યાવરણનું અસ્તિત્વ શક્ય નથી. કુદરતે આપણને વરસાદ, નદીઓ, તળાવો અને ભૂગર્ભ જળના રૂપમાં અમૂલ્ય ભેટ આપી છે, પરંતુ આ સંપત્તિ કોઈ ફેક્ટરીમાં બનાવી શકાતી નથી. તેથી જ પાણીનું સંરક્ષણ અને યોગ્ય ઉપયોગ આજના સમયમાં સૌથી મોટી જરૂરિયાત બની ગઈ છે.



આધુનિક યુગમાં વધતી વસતિ, ઔદ્યોગિક વિકાસ અને પાણીના અતિશય વપરાશને કારણે ભૂગર્ભ જળનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે. જો વરસાદી પાણીનો સંગ્રહ અને જળસંચય નહીં કરીએ તો આવનારી પેઢીને પાણી માટે ગંભીર સંકટનો સામનો કરવો પડી શકે છે. તેથી પાણીના દરેક ટીપાનો સદુપયોગ કરવો એ સમયની માંગ છે. ભૂતકાળ આપણે બધાએ જોયું છે કે એક ગાગર પાણી માટે ગામડાઓમાં કાળા તડકામાં કિલોમીટર સુધી જવું પડતું હતું. પાણીનું ટેન્કર આવે અને બેડા યુધ્ધ થાય એ દ્રશ્યો પણ જોયા છે આ બધી પરિસ્થિતિઓ માં સુધારો એટલા માટે થયો કે નર્મદાના નીર ગામડાઓ સુધી પહોંચ્યા અને પીવાના પાણીની સમસ્યા હલ થઈ ગુજરાત રાજ્યમાં જળસંચય માટે અનેક ઐતિહાસિક અને લોકભાગીદારી આધારિત પ્રયાસો થયા છે. દેશમાં રાજા રજવાડાઓ એ પણ તળાવો અને ડેમો બનાવ્યા હતા આઝાદ ભારત પછી પણ આ કામ સમય સમયે સરકારોએ કર્યા છે.પરંતુ દીર્ઘદ્રષ્ટિનો અભાવ રહ્યો હતો. પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ "સરદાર પટેલ સહભાગી જળ સિંચાઈ યોજના" અંતર્ગત રાજ્યભરમાં લોકભાગીદારીથી ચેકડેમ બનાવવાનું વિશાળ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ગામડાંના લોકો, ખેડૂતો, દાતાશ્રીઓ અને સામાજિક સંસ્થાઓને સાથે લઈને હજારો નાના-મોટા ચેકડેમો બનાવવામાં આવ્યા હતા. આ અભિયાન માત્ર સરકારી યોજના માટે નહોતું, પરંતુ જનઆંદોલન બની ગયું હતું. પરિણામે વરસાદી પાણીનો સંગ્રહ વધ્યો, ભૂગર્ભ જળસ્તર ઊંચું આવ્યું અને ખેડૂતોને સિંચાઈ માટે મોટો આધાર મળ્યો. ત્યારબાદ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા "ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં" જેવા પ્રેરણાદાયી સૂત્ર સાથે જળસંચયનું વિશાળ અભિયાન શરૂ કરવામાં આવ્યું. આ અભિયાન અંતર્ગત ગામડાઓમાં બોરીબંધ, નાના-મોટા ચેકડેમ, તળાવો ઊંડા કરવા, નદીઓનું પુનર્જીવન અને વરસાદી પાણી જમીનમાં ઉતારવાના અનેક કાર્યો હાથ ધરાયા. પાણી વહેતું રોકીને જમીનમાં ઉતારવાનો આ અભિગમ જળક્રાંતિ સમાન સાબિત થયો. અનેક સૂકા વિસ્તારોમાં પાણીનું સ્તર સુધર્યું અને ખેતીને નવી દિશા મળી. ગુજરાત સરકાર રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી દ્વારાહાલ "સુજલામ સુફલામ જળસંચય યોજના" અંતર્ગત પણ મોટા પાયે કામગીરી હાથ ધરવામાં આવી છે .નદીઓ, કેનાલો અને તળાવોમાંથી માટી કાઢીને પાણી સંગ્રહ ક્ષમતા વધારવામાં આવીરહિ છે.આ સમગ્ર અભિયાનમાં જનભાગીદારીનો સુંદર સમન્વય જોવા મળ્યો. લોકો, યુવાનો, સંસ્થાઓ અને સમાજના વિવિધ વર્ગોએ પાણી બચાવવા માટે સ્વયંપ્રેરિત યોગદાન આપ્યું. કેન્દ્રીય જળ સંસાધન મંત્રી શ્રી સી. આર. પાટીલ દ્વારા પણ જળસંચય અભ્યાનને ખૂબ વેગ આપવામાં આવ્યો છે સૌરાષ્ટ્રમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ એ ક્રાંતિ બિંદુ છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જેવા જિલ્લામાં અનેક એનજીઓ અને ક્રાંતિકારી વિચાર ધરાવતા યુવાનો જળસંચય પ્રવૃતિમાં જોડાયેલા છે. આજે સમાજ માટે એક નવી વિચારસરણીની જરૂર છે. વર્ષોથી લોકો દાન આપીને ભવ્ય મંદિરો, ગેટ અને સ્મારકો બનાવતા આવ્યા છે, જે આપણા ધર્મ અને સંસ્કૃતિના પ્રતિક છે. પરંતુ હવે સમયની માંગ છે કે ગામમાં "જળ મંદિર" બનાવીએ — એટલે કે નાના-મોટા ચેકડેમ, તળાવો અને જળસંચયના માળખાં ઉભાં કરીએ. કારણ કે જ્યાં પાણી હશે ત્યાં જીવન હશે, હરિયાળી હશે અને સમૃધ્ધિ હશે.




જો ગામોમાં પૂરતા ચેકડેમો અને જળસંચયના સાધનો બનશે તો વરસાદી પાણી જમીનમાં ઉતરશે, ખેતી સમૃધ્ધ બનશે અને ખેડૂતો આર્થિક રીતે મજબૂત બનશે. પાણીના અભાવે ગામડાંમાંથી શહેરોમાં થતું સ્થળાંતર અટકશે. ગામમાં રોજગાર અને સમૃધ્ધિ વધશે તો યુવાનોને પોતાનું ગામ છોડવાની ફરજ નહીં પડે. ગામડાં મજબૂત બનશે તો રાજ્ય મજબૂત બનશે અને રાજ્ય મજબૂત બનશે તો દેશ સમૃધ્ધ બનશે જ. ખેતી ક્ષેત્રમાં પાણીનો યોગ્ય ઉપયોગ થાય તે માટે ડ્રીપ સિંચાઈ અને સ્પ્રિંકલર જેવી આધુનિક પધ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું. ઓછા પાણીમાં વધુ ઉત્પાદન મેળવવાનો સંદેશ ખેડૂતો સુધી પહોંચાડવામાં આવ્યો. આજે અનેક ખેડૂતો "પ્રતિ ટીપે વધુ પાક" ના મંત્ર સાથે ખેતીમાં પાણીની બચત કરી રહ્યા છે.

પાણી માત્ર ખેતી માટે જ નહીં પરંતુ પશુ-પંખી અને સમગ્ર જીવસૃષ્ટિ માટે જીવનદાયી છે. ઉનાળાની ઋતુમાં પાણીના અભાવે અનેક પશુ-પંખીઓ તરસ્યા રહે છે. તેથી તળાવો, પાણીના કુંડ અને પરબો બનાવવાની પરંપરા આપણા સંસ્કાર અને માનવતાનું પ્રતિક છે. પાણી બચાવવું એટલે સમગ્ર જીવસૃષ્ટિનું ભવિષ્ય સુરક્ષિત કરવું. અંતમાં એટલું જ કહી શકાય કે પાણી કુદરતનું અમૂલ્ય વરદાન છે. તેનું સંરક્ષણ કરવું એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે. "આજે પાણી બચાવશો તો આવતીકાલ સુરક્ષિત બનશે." આવો, સૌ સાથે મળીને જળસંચય, પાણીનો સદુપયોગ અને પર્યાવરણ સંરક્ષણ માટે સંકલ્પ લઈએ અને ગામે ગામ "જળ મંદિર" બનાવીને હરિયાળું, સમૃધ્ધ અને આત્મનિર્ભર ગુજરાત બનાવી સમૃધ્ધ ભારતનું નિર્માણ કરીએ.

# અધિરો ને ઉતાવળો માણસ તથા ધીર-ગંભીર માણસ વચ્ચેનો તફાવત

માનવ જીવનમાં સ્વભાવનું વિશેષ મહત્વ છે. માણસની ઓળખ માત્ર તેના ચહેરા કે શબ્દોથી થતી નથી, પરંતુ તેના સ્વભાવ, વિચારો અને વર્તન પરથી થતી હોય છે. જીવનમાં કેટલાક લોકો એવા હોય છે કે જેઓ દરેક કાર્યમાં ઉતાવળ કરે છે, તરત પરિણામ મેળવવાની ઈચ્છા રાખે છે અને નાની વાતમાં પણ ગુસ્સે થઈ જાય છે. બીજી તરફ કેટલાક લોકો ધીરજ, શાંતિ અને ગંભીરતાથી પરિસ્થિતિને સમજીને આગળ વધે છે. આ બંને પ્રકારના માણસોના જીવનમાં, સંબંધોમાં અને સફળતામાં મોટો તફાવત જોવા મળે છે.

અધિરો અને ઉતાવળો માણસ કોણ?અધિરો માણસ એ છે જે દરેક બાબતમાં તરત પરિણામ ઈચ્છે છે. તેને રાહ જોવી ગમતી નથી. તે ઘણીવાર વિચાર્યા વગર બોલી દે છે અથવા નિર્ણય લઈ લે છે. ઉતાવળમાં લીધેલા નિર્ણયો પછી પસ્તાવો કરવો પડે છે. આવા લોકો નાની મુશ્કેલીમાં પણ ગભરાઈ જાય છે અને ભાવનાઓ પર નિયંત્રણ ગુમાવી દે છે.કોઈના પ્રસંગોમાંથી કાઈ કામ ના હોય છતાં જલ્દી નીકળી જાય છે.પોતાની સાથે બીજાને પણ ખોટી ઉતાવળ કરાવે છે. રસ્તાની ટ્રાફિકમાં, દુકાને ખરીદીમાં,ઓફિસે કોઈ કામ માટે, મંદિરે,દવાખાને, બસ સ્ટેશન કે રેલવે સ્ટેશન જેવા પબ્લિક પ્લેસ પર ધકામુકી ,રાડા રાડ, ખોટી માથાકૂટ કરે છે. ક્યાંય નાની મોટી અગવડતા સહન કરી શકતો નથી.ઉદાહરણ તરીકે, કોઈ વિદ્યાર્થી પરીક્ષામાં થોડા ઓછા ગુણ આવે તો અધિરો વિદ્યાર્થી તરત નિરાશ થઈ જાય, ગુસ્સે થાય અથવા પોતાને નિષ્ફળ માને. જ્યારે ધીરજવાળો વિદ્યાર્થી પોતાની ભૂલ શોધીને આગળ વધુ મહેનત કરે.




ધીર-ગંભીર માણસ કોણ?

ધીર-ગંભીર માણસ એ છે જે મુશ્કેલ સમયમાં પણ શાંતિ જાળવે છે. તે દરેક બાબતમાં સમજદારીપૂર્વક વિચાર કરે છે. તે બોલતા પહેલાં વિચારે છે, સાંભળ્યા વગર જવાબ આપતો નથી અને ઉતાવળે કોઈ નિર્ણય લેતો નથી.આવા લોકો પાસે આત્મવિશ્વાસ, સહનશક્તિ અને પરિપક્વતા હોય છે. તેઓ સમસ્યાને મુશ્કેલી નહીં, પણ શીખવાનો અવસર માને છે.

બંને વચ્ચેનો વિગતવાર તફાવત જોઈએ :

૧. વિચારશક્તિમાં તફાવત

અધિરો માણસ ક્ષણિક ભાવનાઓના આધારે નિર્ણય લે છે.તે "હવે અને અત્યારે"માં જીવે છે અને લાંબા ગાળાના પરિણામો વિશે ઓછું વિચારે છે.જ્યારે ધીર-ગંભીર માણસ કોઈપણ નિર્ણય લેતા પહેલાં તમામ પરિસ્થિતિઓનો વિચાર કરે છે.તે પરિણામોનું મૂલ્યાંકન કરે છે અને પછી જ પગલું ભરે છે."વિચાર વિના કરેલું કામ ઘણીવાર નુકસાન કરાવે છે."

૨. બોલવામાં અને વર્તનમાં તફાવત

ઉતાવળો માણસ ઝડપથી ગુસ્સે થઈ જાય છે.ક્યારેક બીજાની વાત પૂરી સાંભળ્યા વગર જ પ્રતિભાવ આપી દે છે.કોઈ બે વ્યક્તિની વાતચીતની વચ્ચે જાણ્યા જોયા વગર પોતાની વાત શરૂ કરી દે છે.બીજાની વાત પૂરી થવા સુધી ધીરજ ધરી શકતો નથી.બીજાની વાત તરતજ કાપી નાખે છે અને પોતાની વાત સંભળાવવા અધીરો થઈ જાય છે.તેના શબ્દોમાં કઠોરતા આવી જાય છે.કોઈની અંગત બાબતો જાણવામાં અને જાણ્યા પછી બીજાને કહેવામાં ખૂબ ઉતાવળ કરે છે. જ્યારે ધીર-ગંભીર માણસ શાંતિથી વાત કરે છે.તે પહેલા સાંભળે છે, સમજે છે અને પછી જવાબ આપે છે.કોઈની અંગત બાબતો કે કામકાજ વિશે બિન જરૂરી પૂછ પરછ કરતો નથી અથવા તો નિરાંતે શાંતિથી ઉપયોગી થવાના હેતુથી પૂછે છે.એટલા માટે લોકો તેના શબ્દોને મહત્વ આપે છે.

૩. મુશ્કેલી સામેનો અભિગમ

અધિરો માણસ મુશ્કેલી આવે ત્યારે હાંફળો ફાફળો થઈ જાય છે.બીજા ઉપર ગુસ્સો કરે છે ,બીજાનો દોષ કાઢે છે,પોતાની ભૂલ સ્વીકારતો નથી અને તરત જ હરેરીને હાર માની લેતો હોય છે.

જ્યારે ધીરજવાળો માણસ મુશ્કેલીમાં પણ સ્થિર રહે છે.તે સમસ્યાનું મૂળ સમજે છે અને ધીમે ધીમે ઉકેલ શોધે છે. ઉદાહરણ તરીખે સમુદ્રમાં તોફાન આવે ત્યારે નબળી નૌકા ડગમગી જાય છે, પરંતુ મજબૂત નૌકા સંતુલન જાળવી રાખે છે. તેવી જ રીતે ધીર-ગંભીર માણસ જીવનના તોફાનોમાં પણ મક્કમ રહે છે.

૪. સંબંધોમાં તફાવત

અધિરાઈ સંબંધોમાં અંતર લાવે છે.ઉતાવળમાં બોલાયેલા શબ્દો સંબંધોને નુકસાન પહોંચાડે છે.વાત વાતમાં શંકા કુશંકા કરીને મનોમન ગલત અનુમાનો બાંધીને તરતજ ખુલાસાઓ માંગે છે.જેનાથી સંબંધોમાં તિરાડો પડે છે.

ધીરજ અને ગંભીરતા સંબંધોને મજબૂત બનાવે છે.સહનશીલ માણસ પરિવાર, મિત્રો અને સમાજમાં સૌનો પ્રિય બને છે.

૫. સફળતા અને નિષ્ફળતા

ઉતાવળો માણસ ઘણીવાર કામ અધૂરું છોડે છે.તેને તરત સફળતા ન મળે તો નિરાશ થઈ જાય છે.

જ્યારે ધીરજવાળો માણસ સતત પ્રયત્ન કરતો રહે છે.તે જાણે છે કે મોટી સફળતા માટે સમય અને મહેનત જરૂરી છે."ધીરજ સફળતાની ચાવી છે." જીવનમાં ધીરજ કેમ જરૂરી છે? ધીરજ માણસને પરિપક્વ બનાવે છે. તે વિચારવાની શક્તિ વધારે છે.ધીરજવાન વ્યક્તિ મુશ્કેલીમાં પણ સંતુલિત રહે છે.તે ગુસ્સાને બદલે સમજણને વધારે મહત્વ આપે છે. આજના ઝડપી યુગમાં લોકો તરત પરિણામ ઈચ્છે છે. પરંતુ કુદરતનો નિયમ છે કે દરેક વસ્તુ સમય લઈને જ વિકસે છે. બીજ વાવતાં જ વૃક્ષ નથી બનતું. બાળક જન્મતાં જ ચાલતું નથી. સૂર્ય પણ ધીમે ધીમે ઉગે છે. એટલે જીવનમાં પણ ધીરજ જરૂરી છે.

પ્રેરણાત્મક ઉદાહરણ : મહાત્મા ગાંધીએ અનેક મુશ્કેલીઓ છતાં શાંતિ અને ધીરજનો માર્ગ અપનાવ્યો. તેમની સહનશક્તિ અને ગંભીરતાના કારણે તેઓ વિશ્વમાં મહાન નેતા તરીકે ઓળખાયા. તે જ રીતે **A. P. J. Abdul Kalam** પણ ખૂબ જ ધીરજવાળા અને શાંત સ્વભાવના હતા. અનેક નિષ્ફળતાઓ છતાં તેમણે હિંમત ન હારી અને ભારતના "મિસાઈલ મેન" તરીકે પ્રસિધ્ધ બન્યા.સમાજ માટે કયો માણસ વધુ ઉપયોગી? સમાજને ધીરજવાળા, સમજદાર અને ગંભીર માણસોની વધુ જરૂર છે. કારણ કે આવા લોકો વિવાદ નહીં, પરંતુ ઉકેલ શોધે છે. તેઓ લોકો વચ્ચે પ્રેમ, શાંતિ અને વિશ્વાસ ઉભો કરે છે. ઉતાવળ ઘણીવાર તણાવ અને ગેરસમજ ઉભી કરે છે, જ્યારે ધીરજ વિશ્વાસ અને સંબંધોને મજબૂત બનાવે છે.

જીવનમાં ઝડપ સારી છે, પરંતુ ઉતાવળ નુકસાનકારક છે.અધિરાઈ માણસને ગભરાટ, ગુસ્સો અને પસ્તાવા તરફ લઈ જાય છે, જ્યારે ધીરજ અને ગંભીરતા માણસને સફળતા, શાંતિ અને સન્માન અપાવે છે. એટલે દરેક માણસે પોતાના જીવનમાં ધીરજ, સહનશક્તિ અને ગંભીરતા વિકસાવવી જોઈએ.

**"ઉતાવળે આંબા ન પાકે,ધીરજથી જીવન મહેકે."**

**"અધિરાઈ ક્ષણિક નિર્ણય અપાવે છે, પરંતુ ધીરજ જીવનભરની સમજણ અપાવે છે."**

**:: તિખારો ::**

**દુનિયાની આ ભાગ દોડમાં સમય પાસે એટલો સમય નથી કે એ તમને ફરીથી સમય આપી શકે**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડીક ખેતી કાર્યો

જમીનને ત્રણ વર્ષે ઊંડી ખેડ કરી ઉનાળામાં તપાવાવાથી જમીનમાં રહેલ કોશેટાઓ, નુકશાનકારક જીવ, જંતુ અને રોગના બેકટેરિયા, ફૂગનો નાશ થાય છે.ક્યારેક ત્રણ પાક લેવાને બદલે બે જ પાક લેવા જોઈએ. જમીનને તાપાવવી જોઈએ.

**મગફળી:**

● આગોતરા વાવેતર માટે જમીનમાં ઢાળ હોય તો ઢાળની વિરુદ્ધ દિશામાં વાવેતર કરવું.

**તલમાં માથા બાંધનારી ઇયળ :**

● તલના ઉભડાને શક્ય હોય તો વરસાદથી બચાવજો ટૂંકા ગાળે ખેરી લેવા

● હાલનું વાતાવરણ જોતા આ ઈયળ આવવાની શક્યતા છે.

● પ્રકાશ પીંજર ગોઠવવાથી પાન વાળનાર ઈયળના ફુદાની વસ્તી કાબુમાં રહે છે

● બ્યુવેરીયા બેસિયાના નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ અથવા લીંબોળીની મીજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫%અર્ક) ૧૦ લિટર પાણીમાં ભેળવી જીવાતના ઉપદ્રવની શરૂઆતમાં છંટકાવ કરવો.

● ડાયકલોરવોસ ૭૬ ઈસી ૭ મિ.લિ. અથવા કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લી. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મેળવી છંટકાવ કરવો.

● ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા બ્યુવેરીયા બેસીયાના કે લેકાની સીલીયમ લેકાની નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

● ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લિ અથવા એસીટામિપ્રીડ ૨૦ એસપી ૪ ગ્રામ અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ડાયફેન્થ્યૂરોન ૫૦ વેપા ૧૦ ગ્રામ લિટર પાણીમાં મિશ્રત કરી છંટકાવ કરવો

● એસિટામિપ્રીડ ૨૦ એસપી ૪ ગ્રામ અથવા એસિફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ડાયફેન્થ્યુરોન ૫૦ વેપા ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં મિશ્રિત કરી છંટકાવ કરવો.

**કપાસઃ**

● તમારા વિસ્તારમાં જે જાત સારું ઉત્પાદન આપતી હોય તે જાતનું બિયારણ ચોમાસા પહેલા મેળવી લેવી.

● કપાસનો પાક પૂરો થયા બાદ શેઢા-પાળા ઉપર રહેલ નિંદામણો તેમજ અન્ય બિનજરૂરી છોડનો નાશ કરવો. તેમજ પેરાથીયોન ભૂકી શેઢા-પાળા તેમજ જ્યાં ઢાંલીયા કીટક બેસે છે ત્યાં છંટકાવ કરવો.

**બાજરી : લીલી ઈયળ**

● આ જીવાતનું કુદરતમાં પક્ષીઓથી ભક્ષણ થતા વસ્તી કાબુમાં રહેતી હોય છે.

● ફેરોમોનટ્રેપગોઠવવા અને શકય હોય તો પ્રકાશ પિંજરનો ઉપયોગ કરવો.

● આ જીવાતોનો ઉપદ્રવ વધતો જણાય ત્યારે ફેનવાલરેટ અથવા ૨૦ ઈસીસયાપમેથ્રીનનો છંટકાવ કરવો..

**જુવારઃ**

● ઉનાળુ ઘાસચારાની જુવારમાં દાતરડાથી વાઢી પાથરી સુકવી વહેલી સવારમાં પૂળા બાંધી ઓઘલા કરી સૂર્યના તાપમાં સુકવી દઈ યોગ્ય જગ્યાએ સંગ્રહ કરવો.

**શાકભાજીઃ**

● ધરું ઉગ્યા પછી કોપર ઓક્સિકલોરાઈડ ૫૦ ટકા (૧૦ લિટર પાણીમાં ૨૫ ગ્રામ) અથવા મેટારીઝીયમ-એમ.ઝેડ ૭૨ ટકા ડબલ્યુ.પી. (૧૦ લિટર પાણીમાં ૨૦ ગ્રામ) પ્રમાણે કોઈ પણ એક દ્રાવણ એક ચોરસમીટર દીઠ ત્રણ લિટર પ્રમાણે ઝારાથી નીતારવાથી (ડ્રેન્ચિંગ) જમીનજન્ય ફૂગ સામે ધરુંવાડિયાને રક્ષણ મળે છે.

● મરચીમાં તંદુરસ્ત ધરું ઉછેરવા ધરૂવાડિયાના જમીનમાં ઉનાળામાં સોઈલ સોલરાઈઝેશન



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

અથવા રાબીંગ કરવું.

● રીગણી, મરચી, ટામેટી, કોબીઝ / ફ્લાવર, તમાકુ : ધરૂ મૃત્યુ / ધરૂનો કોહવારો માટે બીજને વાવતાં પહેલા થાયરમ ૭૫ ટકા એસ.ડી., કે મેટાલેકઝીલ-એમ.ઝેડ. ૭૨ ટકા ડબલ્યુ.પી. જેવી ફૂગનાશકનો એક કિ.ગ્રા. બીજદીઠ ૩ ગ્રામ મુજબ બીજ માવજત આપી વાવેતર કરવું.

**બાગાયત :**

● કેળમાં સીગાટોકા પાનના ત્રાકિયા ટપકાંનાં રોગનાં નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૧૦ ગ્રામ અથવા પ્રોપીનેબ ૭૦ વેપા ૨૦ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી ૫ મિ. માં ભેળવી રોગની તીવ્રતા પ્રમાણે એક ચમચી સ્ટિકર ઉમેરવું ૧૫ દિવસના અંતરે બે થી ત્રણ છંટકાવ કરવા.

● અપરિપકવ દાડમનાં ફળ ફાટી જતાં અટકાવવા નિયમિત પિયત આપવું તથા થડેથી પીલા દૂર કરવા.

● કેળ પાકમાંથી રોપણીના એક મહિના બાદ ૫૦૦ મિ.લી. ૦.૫% ટ્રાયકોડમાં અને સ્યુડોમીનાસનું દ્રાવણ રેડવું.



● ખરી પડેલ કેરીના ફળો વીણી બહાર ખાડો દાટી દેવા.

● ફળમાખીના નિયંત્રણ માટે ફળમાખી પિંજર હેક્ટર દીઠ ૧૦ મુકવા.

● આંબાના ઝાડ ઉપરથી સાંખે પડે પછી જ ડેરી ઉતારવાની શરૂઆત કરવી.

● ચીકુમાં કળી કોરી ખાનાર ઈયળ માટે ૨૦ દિવસના અંતેર ડાયકલોરવોસ ૭૬ ઈસી ૫ મિ.લી. અથવા પ્રોફેનોફોસ ૪૦ ટકા + સાયપરમેથ્રીન ૪ ટકા (૪૪ ઈસી) ૧૦ મિ.લી. અથવા લેમડાસાઈહેલોથ્રીન ૨.૫ ઈસી ૧૦ મિ.લી. અથવા કલોપાયરીફોસ ૫૦ ટકા + સાયપરમેથ્રીન ૫ ટકા (૫૫ ઈસી) ૧૦ મિ.લી. અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લી. (૦.૧ ઈસી) થી ૪૦ મિ.લી. (૦.૧૫ ઈસી) અથવા બેસીલસ થુરીન્જીન્સીસ નામના જીવાણુંનો પાઉડર ૧૦ ગ્રામ અથવા બીવેરીયા બેસીયાના નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**શેરડીઃ**

● શેરડીની જુદા જુદા વેધકોનુ જૈવિક નિયત્રણ કરવા પરજીવી ટ્રાઈકોડર્માં ભમરી નો ઉપયોગ કરવો.

દરિયાઈ વિસ્તારમાં સામાન્ય રીતે ભૂગર્ભજળ હલકી ગુણવતા જોવા મળે છે અને મર્યાદિત પણ હોય છે. આથી આ માર્યાદિત અને હલકી ગુણવતા ભૂગર્ભ જળનો ઉપયોગ માઈક્રોટ્યુબ ટપક પધ્ધતિ અપનાવીને પ્લાસ્ટિક કે સેન્દ્રીય આવરણ ( માલ્ચ) નો ઉપયોગ કરવો.

● શેરડીના ફૂદફૂદીયા (પાયરીલા) કીટકના શરીરમાંથી મધ જેવો ચીકણો પદાર્થ ઝેર છે જેના પરિણામે પાન ઉપર ફુગની વૃધ્ધિ થાય છે. તે માટે ડાયમીથોએટ ૩૦ઈસી ૧૦ લીટર પાણીમાં ૧૦ મિલી અથવા ફેની ટ્રથીઓન ૫૦ઈસી ૧૦ લીટર પાણીમાં ૧૦ મીલી ભેળવી છંટકાવ કરવો.

જમીનનું પૃથ્થકરણ જરૂરી છે.

૧) જમીનની ફળદ્રુપતાની કથા જેવી કે નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ તત્વોનું પ્રમાણ જાણી શકાય છે.

૨) જમીનમાં રહેલ દ્રાવ્ય ક્ષારોનું પ્રમાણ જાણી તે પ્રમાણે પાક અને તેની જાતની પસંદગી કરી શકાય છે.

૩( જમીનનો અમ્લતા આંક જાણી શકાય

૪) જમીનની ભૌતિક સ્થિતિ જાણી તેને સુધારણાનાં ઉપાય કરી શકાય છે.

૫) જમીન પૃથ્થકરણના આધારે પાક આયોજન કરી શકાય છે.

૬) ખાતરોનું સમતોલ પણું જાળવી શકાય છે.

૭) જમીનની ભાસ્મિકતાનું પ્રમાણ અને તેને સુધારવા માટે જીપ્સમનું પ્રમાણ જાણી શકાય છે.

૮) જમીનના જુદા જુદા તત્વોનું પ્રમાણ જાણી શકાય

૯) જમીનમાં સેન્દ્રિય કાર્બનનું મહત્વ જાણી શકાય છે.

૧૦) પાકને ખાતરોની જરૂરીયાત નકકી કરી કેટલા પ્રમાણમાં આપવા તે જાણી શકાય છે.

૧૧) જમીનનું બંધારણ, નિતારશક્તિ, ભેજ સંગ્રહશક્તિ જેવા જમીનના ભૌતીક ગુણધર્મો જાણી શકાય છે.



૧૨) ઓછા ઉત્પાદનનું કારણ જાણી શકાય છે.

૧૩) જમીનનાં પૃથ્થકરણનાં અવલોકન માત્રાથી જમીનની ઉત્પાદક્તાનો ખ્યાલ આવે છે.

૧૪) ખાતરની ભલામણ ઉપરાંત ખાતરની પસંદગી, ખાતર આપવાનો સમય અને રીત નકકી થઈ શકે છે. એટલે પાક વાવેતર પહેલા જમીનની ચકાસણી કરાવી લેવી જોઈએ.ખાતરઃ

● ખેતી ખર્ચના ઘટાડા માટે શૂન્ય ખેડ અથવા ઓછી ખેડની પદ્ધતિ અપનાવવી જરૂરી છે.

● ખેતીમાં ઓછી ખર્ચાળ પદ્ધતિઓ જેવી કે ખેતરના સેન્દ્રિય કચરાનો ફેર ઉપયોગ કરવો, લીલો



પડવાશ કરવો અને ઓછા ખર્ચવાળા બાયો ઈનપુટ જવા કે જૈવિક ખાતર, અળસિયનું ખાતર તેમજ સેન્દ્રિય કચરાને કોહવામાં મદદરૂપ બેકટેરિયાનો ઉપયોગ કરવો જેનાથી ૨૫ થી ૫૦ % સુધી ખેતી ખર્ચ ઘટે અને ૧૦ થી ૨૦ % જટલો ઉત્પાદનમાં વધારો થાય છે.

● ખેતરમાં સૂક્ષ્મતત્વો યુક્ત જૈવિક ખાતરોની વારંવાર બીજ માવજત અથવા છોડ પર છટકાંવ કરવાથી જમીનની તંદુરસ્તી જળવાય છે અને ખર્ચમાં ઘટાડો થાય છે.

● સલ્ફરની ખામીવાળી જમીનમાં હેકટર દીઠ ૨૦ થી ૪૦ કિલોગ્રામ સલ્ફર વાપરતાં તેલીબિયાં અને કઠોળના પાકની ઉપજ ૧૫ થી ૨૦ % વધુ થાય છે.

● ટપક પધ્ધતિ હેઠળ ફર્ટિગેશન, ટાંકી દ્વારા પાણીમાં ઓગાળી શકે તેવા અથવા પ્રવાહી ખાતર આપવાથી ઉત્પાદન વધે છે અને રાસાયણિક ખાતરનો વપરાશ ખૂબ જ ઘટે છે.

● જમીનની સ્વાસ્થ્ય ચકાસણી આધારિત જરૂરી માત્રામાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાથી જમીનની તંદુરસ્તી જળવાય છે. મોંઘા રાસાયણિક ખાતર તથા તે ઉપરની સરકારી સબસિડીમાં બચત થાય છે.

ફોસ્ફેટ કલ્ચરઃ


● ફોસ્ફેટ કલ્ચર પૈકી બેસીલસ, સ્યુડોમોનાસ, એસ્પરજીલસ અને માઈકોરાઈઝા મુખ્ય છે. આપણી જમીનમાં લભ્ય ફોસ્ફરસનું પ્રમાણ ઓછું છે. જમીનમાં સુપર ફોસ્ફેટ કે અન્ય સ્વરૂપે જે કોઈ ફોસ્ફરસ ઉમેરીએ છીએ તે થોડા વખતમાં અલ્ભય બની જાય છે. પાકને ઉપયોગમાં આવતો નથી. જમીનમાં એવા ધણાં જીવાણુઓ છે કે જે વિવિધ પ્રકારના એસિડ બનાવી અદ્રાવ્ય ફોસ્ફરસને દ્રાવ્ય કરવાનું કામ કરે છે. આપણા દેશમાં ૨૬૦૦ લાખ ટન રોક ફોસ્ફેટનો ભંડાર છે. આવા કિંમતમાં સસ્તા રોક ફોસ્ફેટનો યોગ્ય ફોસ્ફેટ કલ્ચર સાથે ઉપયોગ કરી શકાય છે.

**પોટાશ લભ્ય કરનારઃ**

● જમીનમાં એવા ધણાં જીવાણુઓ છે કે જે વિવિધ પ્રકારના એસિડ અને પોલીસેકેરાઈડ બનાવી જમીનમાં રહેલા અલભ્ય પોટાશનું છોડના મૂળ શોષી શકે તેવા સ્વરુપમાં રૂપાંતર કરે છે. મોંઘા પોટાશયુક્ત રાસાયણીક ખાતરના વિકલ્પ સ્વરુપે કિમંતમાં સસ્તા ખનીજ માઈકા, ફેલ્ડ્સ્પારનો પોટાશ લભ્ય કરનાર સૂક્ષ્મજીવાણુંઓ સાથે વપરાશ કરવાથી ૨૫ % પોટાશયુક્ત રાસાયણીક ખાતરની બચત થઈ શકે.

# ડુંગળીઃ સ્વાદ સાથે સ્વાસ્થ્યનો ખજાનો

ડુંગળી આપણા દૈનિક આહારમાં ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તે ખોરાકનો સ્વાદ અને સુગંધ વધારે છે અને સાથે સાથે આરોગ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે. ડુંગળીમાં અનેક પોષક તત્વો અને ઔષધીય ગુણધર્મો હોય છે, જે શરીરને વિવિધ રોગોથી બચાવવામાં મદદ કરે છે. તેનો ઉપયોગ શાકભાજી, સલાડ અને ઘરગથ્થુ ઉપચારમાં થાય છે. ડુંગળીમાં વિટામિન A,C,



B6, ફોલેટ, પોટેશિયમ, ફાઈબરઅને એન્ટીઑક્સિડન્ટ્સ ગુણધર્મ હોય છે, જે શરીરને રોગોથી બચાવે છે.

## ડુંગળીના આરોગ્યલક્ષી ફાયદાઃ

શ્રીમતી બબીતા રામનિવાસ,
વિષયનિષ્ણાત (ગૃહવિજ્ઞાન),
કૃષિવિજ્ઞાનકેન્દ્ર, ગણપતયુનિવર્સિટી,
મેહસાણા, મો.૯૧૫૭૬૯૫૫૭૩

૧. રોગપ્રતિકારક શક્તિ વધારે : ડુંગળી શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવે છે અને સંક્રમણ સામે લડવાની ક્ષમતા વધારે છે.

૨. ત્વચા માટે લાભદાયકઃ ડુંગળીમાં રહેલા વિટામિન A અને C, ત્વચાને સ્વસ્થ અને તેજસ્વી બનાવે છે. તે ત્વચાની સમસ્યાઓ ઘટાડવામાં મદદ કરે છે.

૩. પાચન સુધારવુંઃ ડુંગળી પાચન માટે ખૂબ જ ઉપયોગી છે. તે અજીર્ણ અને કબજિયાત જેવી સમસ્યાઓમાં રાહત આપે છે.

૪. લૂથી થીરક્ષણઃ ઉનાળામાં ડુંગળી શરીરને ઠંડક આપે છે અને લૂથી બચવામાં મદદ કરે છે. ડુંગળીનો રસ અથવા સલાડ રૂપે તેનો ઉપયોગ લાભદાયક છે.

૫. હૃદય માટે સારું : ડુંગળી કોલેસ્ટેરોલ નિયંત્રિત કરવામાં મદદ કરે છે અને રક્ત પ્રવાહ સુધારે છે, જેના કારણે હૃદયના રોગોનો ખતરો ઓછો થાય છે.

૬. માનસિક આરોગ્યમાં સહાયક : ડુંગળી તણાવ ઘટાડવામાં અને મગજની કાર્યક્ષમતા સુધારવામાં મદદરૂપ થાય છે.

૭. શરીરની શક્તિ વધારે છે : ડુંગળી શરીરમાં ઊર્જા અને શક્તિ વધારવામાં મદદ કરે છે અને તાકાતમાં વધારો કરે છે.

૮. કેન્સરથી બચાવમાં મદદરૂપ : ડુંગળીમાં રહેલા એન્ટીઑક્સિડન્ટ્સ અને સલ્ફર સંયોજનો કેન્સરના જોખમને ઓછું કરવામાં મદદ કરે છે.

# ફળોના નિકાસમાંથી વિદેશી હૂંડિયામણ કમાવવા અંગે માર્ગદર્શન

ભારત કૃષિપ્રધાન દેશ છે. ભારત પાસે તમામ પ્રકારના ફળો થાય તેવી આબોહવા હોવાથી અહીં વિવિધ પ્રકારના ફળોનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. ભારતનું ઉષ્ણકટિબંધીય અને ઉપઉષ્ણકટિબંધીય હવામાન ફળોના ઉત્પાદન માટે અત્યંત અનુકૂળ છે. યોગ્ય તાપમાન, પૂરતો સૂર્યપ્રકાશ અને મોસમી વરસાદ ફળોની ગુણવત્તા સુધારે છે. આ હવામાન વર્ષભર વિવિધ ફળોની ખેતીને સમર્થન આપે છે, જેના કારણે નિકાસ માટે સતત પુરવઠો શક્ય બને અને આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મકતા વધે છે.ખાસ કરીને કેરી, કેળા, દ્રાક્ષ, અનાર, સફરજન જેવા ફળો આંતરરાષ્ટ્રીય બજારમાં ખૂબ માંગ ધરાવે છે. ભારતના ફળો તેમની ગુણવત્તા, સ્વાદ અને પોષકતત્વોથી વિશ્વભરમાં ઓળખાય છે.

ભારત ફળ ઉત્પાદનમાં વિશ્વમાં અગ્રણી દેશ છે, જ્યાં કેરી, કેળા અને દ્રાક્ષનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. ગુજરાત રાજ્ય ખાસ કરીને કેસર કેરી અને કેળા માટે પ્રખ્યાત છે. અનુકૂળ હવામાન અને આધુનિક ખેતી પધ્ધતિઓના કારણે ઉત્પાદન વધે છે. જે નિકાસ અને ખેડૂતોની આવકમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. ગુજરાતમાં ફળોના નિકાસ માટે વિશાળ સંભાવનાઓ છે. રાજ્યમાં અનુકૂળ હવામાન અને જમીનના કારણે કેસર કેરી, કેળા, પપૈયા. લીંબુ અને નારિયેળ જેવા ફળોનું ઉચ્ચ ગુણવત્તાવાળું ઉત્પાદન થાય છે. દરિયાકાંઠા નજીક હોવાને કારણે પોર્ટ સુવિધાઓ સરળ છે, જે નિકાસ ખર્ચ ઘટાડે છે. કોલ્ડ સ્ટોરેજ. પેકહાઉસ અને આધુનિક ટેક્નોલોજીના વિકાસથી વૈશ્વિક બજારમાં માંગ વધી રહી છે. જેના કારણે ખેડૂતો અને ઉદ્યોગકારો માટે આવક અને રોજગારની તકો વધી રહી છે.

નિકાસનો વ્યાપ (Scope) : ભારતના ફળોના નિકાસ માટે વિશાળ વ્યાપ છેઃ

● વિશ્વમાં સ્વસ્થ ખોરાક (Healthy Food) માટે વધતી માંગ

● ઓર્ગેનિક ફળોની વધતી માંગ

● મધ્ય પૂર્વ, યુરોપ અને અમેરિકા જેવા બજારોમાં ભારતીય ફળોની માંગ

● ઠંડા સંગ્રહ (Cold Stroage) અને પેકિંગ ટેક્નોલોજીમાં સુધારા

● આધુનિક અને ડીજીટલ નિકાસ પ્રક્રિયા

● સરકારશ્રી તરફથી મળતી તાલીમ, ગાઈડલાઈન્સ, સુવિધા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સબસીડી, જીએસટી પર છુંટ, ડયુટી ડ્રોબેક, રોડટેપ જેવા ફાયદા

તકોઃ- (Opprotunities)

ફળોના નિકાસમાં ખેડૂતો અને ઉદ્યોગકારો માટે અનેક તકો છેઃ

● પ્રોસેસ્ડ ફળો (Juice, pulp, dried fruits) નો નિકાસ

ડો. જે. એસ. પરસાણા, ડો. શિવાની આર. પટેલ અને ડો. ડી. એસ. હિરપરા કૃષિ મહાવિદ્યાલય, જુ.કૃ.યું., જામનગર (હાલઃ તરઘડીયા)

● બ્રાન્ડિંગ અને પેકેજિંગ દ્વારા વધુ ભાવ મેળવો

● નવી બજારો શોધવાની તક

● ઓર્ગેનિક ખેતી દ્વારા પ્રીમિયમ માર્કેટમાં પ્રવેશ

ફાયદા (Benefits) ફળોના નિકાસના મુખ્ય ફાયદાઃ

● ખેડૂતોને વિશ્વના તમામ માર્કેટ સુધી પોતાના ભાવે વહેંચવાની તક મળે છે.

● ખેડૂતોને સામાન્ય માર્કેટ કરતા ખુબ વધુ ભાવ મળે છે.

● વિદેશમાં જૈવિક અને પ્રકૃતિ જેવી ગુણવતા સભર ખેતીથી ઉત્પાદિત ફળોની માંગ હોવાથી ખેડૂતોને ખુબ ઊંચા ભાવ મળે છે.

● દેશને વિદેશી મુદ્રા (Froeign Exchange) મળે છે જેથી દેશ આર્થિક રીતે મજબુત બને છે.

● રોજગાર સર્જન થાય છે.

● કૃષિ ક્ષેત્રમાં વિકાસ થાય છે.

નિયમો અને નિયમ (Rules and Regulations)

ભારતમાંથી ફળોના નિકાસ માટે કેટલાક મહત્વપૂર્ણ નિયમો છેઃ

૧. અપેડા (APEDA) રજીસ્ટ્રેશન ફરિજીયાત કરવુ. (https://apeda.gov.in)

૨. ફળોની ગુણવત્તા ચકાસવી અને ફાઈટોસેનેટરી પ્રમાણપત્ર (Phytosanitary Certificate) જોડવા.

૩. રેસિડ્યુ મોનિટરિંગ પ્લાન (RMP)નું પાલન કરવું.

૪. એક્સપોર્ટ ઈન્સ્પેક્શન એજન્સી (EIA) દ્વારા ચકાસણી કરાવવી.

૫. દેશ મુજબ અલગ અલગ આયાત નિયમોનું પાલન કરવું


નિકાસ માટે ટાર્ગેટ દેશો (Buyer Country)

ફળોના નિકાસ માટે મુખ્ય લક્ષ્ય દેશોમાં યુએઈ, સાઉદી અરેબિયા, યુકે, અમેરિકા, કેનેડા, જર્મની, નેધરલેન્ડનો સમાવેશ થાય છે. મધ્ય પૂર્વ દેશો નજીક હોવાથી નિકાસ સરળ છે, જ્યારે યુરોપ અને અમેરિકા વધુ નફાકારક બજાર છે. યોગ્ય ગુણવત્તા અને પ્રમાણપત્રોથી વૈશ્વિક સ્તરે સારી તકો મળે છે. (ક્રમશઃ)

# તમિલનાડના મુખ્યમંત્રી તરીકે વિજયે લીધા શપથ : ૯ મંત્રીઓનો પ્રધાનમંડળમાં સમાવેશ

તમિલનાડુ,તા.૧૦

તમિલનાડુના રાજકારણમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. ટીવીકે (TVK) પક્ષના વડા અને અભિનેતા સી. જોસેફ વિજયે ચેન્નાઈના જવાહરલાલ નેહરુ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રાજ્યના ૯માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે.



૧૨૧ ધારાસભ્યોના સમર્થન સાથે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે તેમને શપથ લેવડાવ્યા હતા. રાજ્યમાં પ્રથમવાર કોઈ બિન-દ્રવિડ પક્ષે સરકાર બનાવી છે.

વિજયની સાથે નવ મંત્રીઓએ શપથ લીધા, જેમાં સિનિયર નેતા સેંગોટાઈયન અને એકમાત્ર મહિલા મંત્રી કીર્થના એસ.નો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી તરીકે વિજયે ગૃહ અને પોલીસ વિભાગ પોતાની પાસે રાખ્યા છે. કાર્યભાર સંભાળતા જ તેમણે ૨૦૦ યુનિટ મફત વીજળી, મહિલા સુરક્ષા અને ડ્રગ્સ વિરોધી ટાસ્ક ફોર્સ જેવા ત્રણ મહત્વના નિર્ણયો પર હસ્તાક્ષર કર્યા હતા.

શપથવિધિમાં રાહુલ ગાંધીની હાજરીએ નવા રાજકીય સમીકરણોના સંકેત આપ્યા છે. રાષ્ટ્રગીત પૂર્વે 'વંદે માતરમ' ગાઈને કેન્દ્રની નવી માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવ્યું હતું. સોગંદનામા મુજબ, વિજય ૬૦૩ કરોડથી વધુની સંપત્તિ ધરાવે છે અને તેમણે પેરામ્બુર તથા ત્રિચી પૂર્વ બેઠક પરથી જીત મેળવી છે.

# અમદાવાદના ધોળકા-બગોદરા હાઈવે પર આઈસર પલટતા દારૂનો જથ્થો ઝડપાયો

અમદાવાદ,તા.૧૦

અમદાવાદના ધોળકા-બગોદરા હાઈવે પર આજે વહેલી સવારે એક દારૂ ભરેલી આઈસર ટ્રક પલટી જતાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો છે. ગાંગડ ગામના પાટિયા પાસે ટ્રક ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક રોડ પર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત સર્જાતા જ પોલીસની પકડથી બચવા ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો.



બગોદરા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરતા ટ્રકની અંદર ખાસ બનાવેલા 'ચોર ખાના'નો પર્દાફાશ થયો હતો. ટ્રક પલટી જવાથી ગુપ્ત ખાનામાં છુપાવેલી દારૂની બોટલો રસ્તા પર વેરાઈ ગઈ હતી અને દારૂની નદીઓ વહેતી જોવા મળી હતી. પોલીસે વાહનના નંબરના આધારે તેના માલિક અને ચાલકની શોધખોળ તેજ કરી છે. પ્રાથમિક તપાસ મુજબ, આ જથ્થો અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં ઘુસાડવામાં આવ્યો હોવાની શંકા છે. હાલ પોલીસે દારૂનો જથ્થો કબજે કરી બૂટલેગરો વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠાના દાંતા પોલીસ સ્ટેશન પાસે ગમખ્વાર અકસ્માત : એકનું મોત, સાત ઘાયલ

**પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી**


પાલનપુર,તા.૧૦

બનાસકાંઠાના દાંતા પોલીસ સ્ટેશન પાસે આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આબુરોડથી અમદાવાદ જઈ રહેલી સ્કોર્પિયો કારના ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી રોડ સાઈડની ચાની કીટલીમાં ઘૂસી ગઈ હતી. સ્કોર્પિયોની ઝડપ એટલી પ્રચંડ હતી કે દુકાનદાર હવામાં ફંગોળાઈને બાજુના ખેતરમાં પડ્યા હતા. આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ૭ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિકોએ તાત્કાલિક બચાવ કામગીરી કરી ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ-ગોધરા હાઈવે પર કારે બાઈકને હડફેટે લેતા ૩ યુવકોના મોત

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ-ગોધરા હાઈવે પર આજે વહેલી સવારે એક કાળજું કંપાવનારો અકસ્માત સર્જાયો હતો. ગોધરા નજીક દારુણિયા ગામ પાસે રોંગ સાઈડથી પૂરપાટ ઝડપે આવતી એક બેફામ કારે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ભીષણ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકના ફુરચા ઉડી ગયા હતા અને તેના પર સવાર ત્રણેય



યુવાનો રોડ પર ફંગોળાયા હતા. આ ગમખ્વાર દુર્ઘટનામાં ત્રણેય આશાસ્પદ યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. મૃતક ત્રણ યુવાનો પૈકી બે યુવાનો સ્થાનિક દારુણિયા ગામના જ હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે સમગ્ર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતા જ ગ્રામજનો અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડી કાર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. માર્ગ પર રોંગ સાઈડમાં વાહન ચલાવવાની બેદરકારીએ ત્રણ પરિવારોના કુળદીપક બુઝાવી દીધા છે.

# ડાકોરના રણછોડરાયજી મંદિરમાં વિરોધ બાદ ભાવ વધારો મોકૂફ રાખ્યો

ડાકોર,તા.૧૦

ડાકોરના સુપ્રસિધ્ધ રણછોડરાયજી મંદિરમાં તાજેતરમાં મનોરથ અને ધ્વજારોહણના દરોમાં કરાયેલો તોતિંગ ભાવવધારો ભારે વિરોધ બાદ આખરે મોકૂફ રાખવામાં આવ્યો છે.

કમિટીએ ધ્વજારોહણનો દર રૂ.૬૦૦થી વધારી રૂ.૨૫૦૦ અને ૫૨ ગજની ધજા માટે રૂ.૧૧,૦૦૦ નક્કી કર્યા હતા. આ ઉપરાંત રાજભોગ અને તુલસી વિવાહ જેવા મનોરથોના ભાવમાં પણ બમણો વધારો કરાયો હતો.

આ નિર્ણયથી ભક્તો, સેવકો અને સ્થાનિક વેપારીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ભક્તોની લાગણી દુભાતા અને વિવાદ વકરતા મંદિર કમિટીએ નમતું જોખ્યું છે અને હાલ પૂરતો આ ભાવવધારો પાછો ખેંચી લીધો છે. કમિટીના આ નિર્ણયથી યાત્રિકોમાં રાહતની લાગણી ફેલાઈ છે.

# ઉનાના ખાપટ તળાવમાં મગરો વચ્ચે વન વિભાગનું જોખમી રેસ્ક્યુ કરી નીલગાયનો મૃતદેહ બહાર કાઢ્યો

ઉના, તા.૦૯

ઉનાના ખાપટ ગામ નજીક આવેલા નિર્મળ નીર તળાવમાંથી એક નીલગાયનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. સ્થાનિકોની જાણ બાદ જસાધાર વન વિભાગના ફોરેસ્ટર જીતેન્દ્રભાઈ બાંભણિયા અને નવાબંદરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. તળાવમાં પાણીની વધુ ઊંડાઈ અને બેથી વધુ મગરોની હાજરી



હોવા છતાં, વન વિભાગની ટીમે જીવના જોખમે ભારે જહેમત બાદ નીલગાયના મૃતદેહને બહાર કાઢ્યો હતો. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખસેડાયો છે. પ્રાથમિક અનુમાન મુજબ મગરે શિકાર કર્યો હોઈ શકે છે, પરંતુ સત્ય રિપોર્ટ બાદ જ બહાર આવશે. ગ્રામજનોએ આક્રમક મગરોનું રેસ્ક્યુ કરવાની માંગ કરી છે. સાથે જ, જો મગર દ્વારા પશુઓનું મારણ કરવામાં આવે તો સરકાર દ્વારા નિયમ મુજબ વળતર મળશે કે કેમ તેવા પ્રશ્નો પણ સ્થાનિકોમાં ઉઠી રહ્યા છે. આ સફળ રેસ્ક્યુ કામગીરીમાં વનપાલ જે.સી. બાંભણિયા અને તેમની ટીમે પ્રશંસનીય કામગીરી કરી હતી.

# ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'એશિયન વેઈલિફ્ટિંગ ચેમ્પિયનશીપ'નુ ભવ્ય આયોજન

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ૧૦ થી ૧૭ મે ૨૦૨૬ દરમિયાન 'એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ'નું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં એશિયાના ૩૧ દેશોના અંદાજે ૨૦૦થી વધુ ખેલાડીઓ અને અધિકારીઓ ભાગ લેશે. આ ટૂર્નામેન્ટ ૨૦૨૬ના ગ્લાસ્ગો



કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાયર રાઉન્ડ તરીકે અત્યંત મહત્વની છે, જેમાં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડના ખેલાડીઓ પણ સહભાગી થશે. સ્પર્ધામાં ભારત તરફથી ૮ પુરુષ અને ૮ મહિલા ખેલાડીઓ જોર અજમાવશે, જોકે મીરાબાઈ ચાનુ અન્ય તૈયારીઓને કારણે આમાં ભાગ લેશે નહીં.

૧૨ મેના રોજ યોજાનારા ભવ્ય ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાતના મંત્રી હર્ષ સંઘવી અને અન્ય મહાનુભાવો હાજર રહેશે. ઈન્ડિયન વેઈટલિફ્ટિંગ ફેડરેશનના પ્રમુખ સહદેવ યાદવે જણાવ્યું કે, ભારતને ચોથી વખત આ વૈશ્વિક સ્પર્ધાનું યજમાન પદ મળ્યું છે, જે રમતગમત ક્ષેત્રે ભારત અને ગુજરાતની વધતી જતી શક્તિનું પ્રતીક છે. એશિયન વેઈટલિફ્ટિંગ ફેડરેશનની મહત્વની બેઠક પણ આ દરમિયાન અમદાવાદમાં યોજાશે.

# ભરત મકવાણાની ૨૩મી લગ્ન વર્ષગાંઠની અનોખી સેવાકીય રીતે ઉજવણી કરાશે

અમરેલી,તા.૧૦

અમરેલી શહેર ભાજપના પૂર્વ મહામંત્રી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના પૂર્વ સેનેટ સભ્ય ભરત મકવાણા તેમની ૨૩મી લગ્ન વર્ષગાંઠ નિમિત્તે ૧૧ મે ૨૦૨૬ના રોજ અનોખી સેવાકીય ઉજવણી કરશે. આ પ્રસંગે કુવારિકાઓને ભોજન, ગૌમાતાનું પૂજન તેમજ બટુક ભોજનનું આયોજન



કરવામાં આવ્યું છે. સાથે જ તેઓ પોતાના સ્વર્ગસ્થ માતા-પિતાને સ્મરણાંજલિ અર્પણ કરીને આ ખાસ દિવસને પુણ્યમય બનાવશે. ભરત મકવાણા અમરેલીની શ્રી બંસીધર વિદ્યાલયમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ઉપરાંત તેઓ વેલનાથ યુથ ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે પણ સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. તેમના આ અનોખા આયોજનને લઈ મિત્રવર્તુળ અને સમાજમાં પ્રશંસા વ્યક્ત થઈ રહી છે.

# સોમનાથમાં નાળિયેરી દૂર કરવાની કામગીરી દરમ્યાન કર્મચારીનું મોત

સોમનાથ,તા.૧૦

સોમનાથમાં 'અમૃત પર્વ'ની તૈયારીઓ દરમિયાન એક કરુણ દુર્ઘટના સર્જાઈ છે. ત્રિવેણી સંગમ પાસે સુરક્ષાના ભાગરૂપે નાળિયેરી દૂર કરવાની કામગીરી કરી રહેલા નગરપાલિકાના ૩૨ વર્ષીય કર્મચારી મહેશ બારીયાનું ઊંચાઈ પરથી પટકાતા મોત નીપજ્યું છે. સંતુલન ગુમાવવાને કારણે સર્જાયેલા આ અકસ્માત બાદ તેમને તાત્કાલિક વેરાવળ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાને પગલે પરિવાર અને કોળી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પરિવારે નગરપાલિકા તંત્ર પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે, જોખમી કામગીરી વખતે પૂરતા સુરક્ષા સાધનો પૂરા પાડવામાં આવ્યા નહોતા. યુવાન કર્મચારીએ જીવ ગુમાવ્યો હોવાના આક્ષેપ સાથે પરિવારે ન્યાયની માંગ કરી છે.

# એક વર્ષ સુધી સોનું ન ખરીદવા પીએમ મોદીની દેશવાસીઓને અપીલ

હૈદરાબાદ,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હૈદરાબાદમાં ભાજપની રેલીને સંબોધતા દેશવાસીઓને પેટ્રોલિયમ પેદાશો અને સોનાના વપરાશ પર સંયમ રાખવા અપીલ કરી છે. પીએમએ જણાવ્યું હતું કે, વૈશ્વિક યુધ્ધની સ્થિતિને કારણે તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. ભારત પાસે તેલના પૂરતા કૂવા નથી, તેથી આપણે આયાતી ઈંધણ



પર નિર્ભર રહેવું પડે છે. આ સંકટને પહોંચી વળવા તેમણે શહેરોમાં મેટ્રોનો ઉપયોગ કરવા અને ફરીથી 'વર્ક ફ્રોમ હોમ' જેવી વ્યવસ્થાઓ અપનાવવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, તેમણે દેશની વિદેશી મુદ્રા બચાવવા માટે આગામી એક વર્ષ સુધી સોનું ન ખરીદવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. પીએમએ ઉમેર્યું કે આર્થિક સુરક્ષા માટે આ જરૂરી છે. આ તકે તેમણે તેલંગાણામાં બદલાતા રાજકીય માહોલ અને આસામ-પુડુચેરીમાં ભાજપની જીતનો ઉલ્લેખ કરી કાર્યકરોમાં ઉત્સાહ ભર્યો હતો.

# ગીરગઢડાના જંગલમાં ગેરકાયદે સિંહ દર્શન કરનારા રાજકોટના બે શખસો ઝડપાયા : ૫૦ હજારનો દંડ

ઉના,તા.૧૦

ગીર અભયારણ્ય વિસ્તારમાં ગેરકાયદે સિંહ દર્શનની પ્રવૃત્તિઓ સામે વન વિભાગે કડક હાથે કાર્યવાહી શરૂ કરી છે. જસાધાર રેન્જ દ્વારા હાથ ધરાયેલા નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ગીરગઢડાના રસુલપરા નજીક પ્રતિબંધિત જંગલ વિસ્તારમાંથી સિંહ દર્શન કરતા રાજકોટના બે શખસોને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. વન વિભાગે વન્યપ્રાણી



તસવીર : કૈલાશ ભટ્ટ

સંરક્ષણ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરી બંને શખસો પાસેથી રૂ. ૫૦,૦૦૦નો દંડ વસૂલ્યો હતો.

ઝડપાયેલા શખસોમાં કીર્તન વિનોદ બુહા અને જયદીપ ત્રીકમ સોજીત્રાનો સમાવેશ થાય છે. જસાધારના RFO કુલદીપ ચૌહાણે જણાવ્યું હતું કે, સિંહ દર્શન જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવામાં આવશે. આ કામગીરીમાં વનપાલ જે.સી. બાંભણિયા અને વન રક્ષક જે.સી. ભાલિયાની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી સફળતા મેળવી હતી. હાલ જંગલ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે અને ડ્રોન સર્વેલન્સ દ્વારા પણ સતત નજર રાખવામાં આવી રહી છે.

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ૧૫૮મો 'વિચારોના વાવેતર' કાર્યક્રમ સંપાન્ન

સુરત,તા.૧૦

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા ૧૫૮માં 'વિચારોના વાવેતર' કાર્યક્રમનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ ભાલાળાએ જીવનની લંબાઈ કરતાં તેની ઊંડાઈ અને સાર્થકતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, પરોપકારી અને અર્થપૂર્ણ જીવન જ સાચું જીવતર છે. મુખ્ય વક્તા ડો. ભાગ્યેશ જહાએ 'જીવનની સાર્થકતા' વિષય





પર માર્ગદર્શન આપતા સમજાવ્યું હતું કે મુશ્કેલ સમયમાં પણ હસતા રહેવું, સાંભળવાની કળા કેળવવી અને સ્થિતપ્રજ્ઞ બનવું અનિવાર્ય છે. પૂર્વ કલેક્ટર મહેન્દ્રભાઈ પટેલે પોતાની સફળતાનો શ્રેય આદર્શ વ્યક્તિને આપવાને ખરી સાર્થકતા ગણાવી હતી. આ અવસરે કલા તીર્થ ટ્રસ્ટ દ્વારા પુસ્તકાલયને ભારતીય સંસ્કૃતિના ૭૧ અમૂલ્ય ગ્રંથો ભેટ અપાયા હતા અને રમણીકભાઈ ઝાપડિયાનું સન્માન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન હાર્દિકભાઈ ચાંચડ અને અંકિતભાઈ સુરાણીએ સંભાળ્યું હતું, જ્યારે અંકિતાબેન ભુવાએ ગત સપ્તાહના વિચારોની પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમે ઉપસ્થિત શ્રોતાઓમાં જીવન પ્રત્યે નવો દ્રષ્ટિકોણ જગાડ્યો હતો.

# રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ: પાંચ દિવસ હીટવેવનું સંકટ

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં ઉનાળાનો મિજાજ આકરો બની રહ્યો છે. હવામાન વિભાગના બુલેટિન અનુસાર, રાજ્યના અનેક ભાગોમાં તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. ખાસ કરીને અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં આગામી ત્રણ દિવસમાં તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩.૪ ડિગ્રી નોંધાયું છે, જે હજુ વધીને ૪૪ ડિગ્રી કે તેથી વધુ થઈ શકે છે. પવનની દિશામાં ફેરફાર અને સૂકા પવનોને કારણે ગરમી વધુ આકરી બનશે. હીટવેવની આગાહી: બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને કચ્છમાં હીટવેવની સ્થિતિ પ્રવર્તશે. ૧૧મી મે થી ૧૪મી મે દરમિયાન અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર અને સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ જિલ્લાઓમાં 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.



















## રાજુલા, જાફરાબાદ અને ખાંભા વિસ્તારના સેવાભાવી મહાનુભાવોને રાજુલાનો સાદ....

## | હાર્દિક નિમંત્રણ |

શ્રી રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ દ્વારા સ્થાપિત અને શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત

## મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર

(તદ્દન નિ:શુલ્ક મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ - રાજુલા)ના લોકાર્પણ કાર્યક્રમમાં સૌ સ્નેહીજનોને હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

રાજુલા વિસ્તાર ભૌગોલિક વૃષ્ટિએ ઘણો વિશાળ છે. અહીં વસતા આર્થિક તૃષ્ટિએ સામાન્ય પરિવારના લોકો માટે લાંબા સમયથી એક અત્યાધુનિક મલ્ટી-સ્પેશિયાલિટી હૉસ્પિટલની તાતી જરૂરિયાત વર્તાતી હતી. નાગરિકોની આરોગ્ય સુવિધાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજુલામાં એક વિશાળ અને નિઃશુલ્ક "મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર મલ્ટી-સ્પેશિયાલિટી હૉસ્પિટલ" નિર્માણ કરવામાં આવ્યું છે, જેનું લોકાર્પણ વિશ્વવંદ્ય પૂજ્ય મોરારિબાપુના પાવન હસ્તે આગામી તારીખ ૧૩ મે ૨૦૨૬, બુધવારના રોજ સંપન્ન થશે.

આ હૉસ્પિટલમાં તમામ પ્રકારની બીમારીઓના નિદાન - સારવાર દવાઓથી લઈને અત્યંત જટિલ સર્જરીઓ દર્દીનારાયણ પાસેથી એકપણ રૂપિયો લીધા વિનામૂલ્યે કરવામાં આવશે. માત્ર સારવાર - દવાઓ જ નહીં, પરંતુ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમની સાથે આવતા સ્વજનો માટે પૌષ્ટિક ભોજનની સેવા પણ તદ્દન નિઃશુલ્ક આપવામાં આવશે.

**મંગલ લોકાર્પણ:-**
**તારીખ : 13 મે 2026, બુધવાર | સમય: સવારે 11.00 વાગ્યે**




પરમ પૂજ્ય મોરારિબાપુના પાવન હસ્તે



મુખ્ય અતિથિ વિશેષ -



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રીશ્રી -ગુજરાત રાજ્ય



**શ્રી હર્ષભાઈ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી-ગુજરાત રાજ્ય

માનવ સેવાના આ યજ્ઞમાં વિવિધ વિભાગો દ્વારા આપવામાં આવનારી આરોગ્ય સેવા રાજુલા પંથકના જરૂરિયાતમંદ લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

- OPD ડિપાર્ટમેન્ટ
- ડાયાલિસિસ ડિપાર્ટમેન્ટ
- ગાયનેકોલોજી ડિપાર્ટમેન્ટ
- પીડિયાટ્રીક ડિપાર્ટમેન્ટ
- ઓર્થોપેડિક ડિપાર્ટમેન્ટ
- ઓપ્થેલ્મોલોજી ડિપાર્ટમેન્ટ
- સાયકોથેરેપી ડિપાર્ટમેન્ટ
- કેન્સર ડિપાર્ટમેન્ટ
- સર્જિકલ ડિપાર્ટમેન્ટ
- રેડિયોલોજી ડિપાર્ટમેન્ટ
- પેથોલોજી ડિપાર્ટમેન્ટ
- ડેન્ટલ ડિપાર્ટમેન્ટ
- મેડિસિન ડિપાર્ટમેન્ટ
- હોલિસ્ટિક ડિપાર્ટમેન્ટ

માનવતાના આ નૂતન સેવાયજ્ઞના સાક્ષી બનવા અને લોકાર્પણ કાર્યક્રમમાં સહભાગી થવા રાજુલાના સેવાભાવી મહાનુભાવોને અમે ભાવભીનું હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ. માનવસેવાના આ મંગલકારી અવસરે આપ જરૂરથી પધારી કાર્યક્રમની શોભા વધારશો તેવી સૌને આગ્રહભરી વિનંતી છે. આપની ઉપસ્થિતિ આ સેવાકાર્યના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરશે.

શુભેચ્છકો:- સ્વ. અનિલકુમાર નંદલાલ મહેતા, શ્રી અંબરીષભાઈ ડેર, શ્રી માયાભાઈ આહિર, શ્રી અજયભાઈ મહેતા, શ્રી અનિશભાઈ મહેતા
શ્રી પ્રવીણભાઈ કનુભાઈ લહેરી, શ્રી બીપીનભાઈ લહેરી, શ્રી હરેશભાઈ મહેતા, શ્રી દિવ્યકાંત સૂચક

વધુ વિગતો માટે સંપર્ક કરો:- શ્રી હરેશભાઈ મહેતા:- મો. નં. 8291671111